### જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી –

# ચરિત્ર, ઉપદેશસાર અને ગ્રન્થો

લેખિકા (અંગ્રેજીમાં)

**પૂ.અ.સૌ.શ્રીવ્રજલતાવહૂજી–વડોદરા.**

અનુવાદ -

**પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી**

: પ્રકાશક :

**શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ-વડોદરા.**

## *જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી ચરિત્ર-ઉપદેશસાર-ગ્રન્થો' પુસ્તિકાની તૃતીય આવૃત્તિ-પ્રકાશન અવસરે*

# બે શબ્દ

### *(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)*

શ્રીગોવર્ધનધરણ - શ્રીમહાપ્રભુ - શ્રીપ્રભુચરણના અનુગ્રહથી **'જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી ચરિત્ર-ઉપદેશસાર-ગ્રન્થો'** પુસ્તિકાનું ઘણાં લાંબા કાળ પછીથી પુનઃ પ્રકાશન થઈ રહ્યું છે તે ખૂબ જ આનન્દની વાત છે. આનું પ્રકાશન પૂર્વમાં વિ. સં. **૨૦૫૬** તથા **૨૦૬૧** માં થયું હતું.

શ્રીવલ્લભ સત્સંગ મંડળ (શ્રીગોવર્ધનનાથજી હવેલી -ઊર્મિ સોસાયટી) વડોદરા પ્રતિવર્ષ સ્કૂલો -હાઇસ્કૂલોમાં પરીક્ષામાં ઉચ્ચ સિદ્ધિને પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને એક સમારંભ કરી પ્રોત્સાહક પારિતોષક-ઇનામ વિતરણ કરે છે તે કાર્યક્રમમાં આ વર્ષે દરેક બાળકોને પુષ્ટિમાર્ગીય સાહિત્ય પણ સાથે આપવું તેવી ઉત્તમ ભાવના રાખી મંડળ તરફથી શ્રીરમેશભાઈ દાવડાએ અમારો સમ્પર્ક કર્યો અને ત્યારે આ પુસ્તિકા છપાવી બાળકોને આપવી, ઉપરાંત મંડળના સહુ સભ્યોને પણ આપવી એમ નક્કી કર્યું અને તે અનુસાર આનું શીઘ્ર જ પ્રકાશન કાર્ય હાથ ધરવાનું નક્કી થયું જે આજે તૃતીય સંસ્કરણના રૂપમાં પ્રકાશિત થવા જઇ રહ્યું છે.

વૈષ્ણવો અને વૈષ્ણવોના બાળકો પોતાના ગુરુવર્ય શ્રીઆચાર્યચરણના સ્વરૂપ અને ચરિત્રથી પરિચિત હોવા જોઇએ. આજે એવા સેંકડો વૈષ્ણવો સૃષ્ટિમાં છે કે જેમને 'શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી' આટલા નામ સિવાય તેઓશ્રીથી કોઇ પણ રીતે પરિચિત નથી. બલ્કે એવા કેટલાએ બ્રહ્મસમ્બન્ધ પ્રાપ્ત વૈષ્ણવ બાળકો છે કે જેમને આપણા ગુરુ કોણ અને એમનું શું નામ તેટલું પણ જાણતા નથી. આવી કરુણાજનક સ્થિતિમાં શ્રીમહાપ્રભુ-શ્રીગોપીનાથજી-શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પ્રાચીન તેજસ્વી આચાર્ય મહાનુભાવોના ચરિત્રને દર્શાવતી અને સરળ ભાષામાં આલેખાયેલી પુસ્તિકાઓ વધુને વધુ પ્રકાશિત થઈ વૈષ્ણવઘરોમાં પહોંચે અને તેમના બાળકો વગેરેને વાંચનાર્થ પ્રાપ્ત થાય તે ખૂબ જ આવશ્યક છે. આના માટે જુદા-જુદા સ્થળે ચાલતી વિવિધ પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ વગેરે આ કાર્યને ઉપાડી લે અને પ્રસંગોપાત્ત વૈષ્ણવ બાળકોમાં નિઃશુલ્ક વિતરણ કરે એ થવા જેવું છે. હું એમ માનું છું કે પ્રસંગો પર એક-એક મોહનથાળ કે બુંદીના નંગો પ્રસાદરૂપમાં વિતરીત કરવાની અપેક્ષા આવી પુસ્તિકાઓનું વિતરણ વૈષ્ણવોને માટે વધુ લાભદાયક છે.

આ કાર્ય અર્થ આગળ આવવા માટે શ્રીવલ્લભ સત્સંગ મંડળ અને તેનાં સહુ કાર્યકર્તાઓ તથા પદાધિકારીઓને સહસ્રશઃ અભિનન્દનો.

ગુર્જર વિ.સં.૨૦૬૪
જેઠ વદ-૭, ગુરુવાર
તા.૨૬-૬-૨૦૦૮
વડોદરા.

**ગોસ્વામી ચન્દ્રગોપાલ**
વડોદરા

# જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્ય ચરિત્ર

## (૧) ઉપક્રમ

ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે સનાતનધર્મમાં પ્રાચીનકાળથી પરમ્પરાએ ચાલ્યા આવતા પાંચ સમ્પ્રદાયોમાં શ્રી શંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, શ્રીમધ્વાચાર્ય અને શ્રી વલ્લભાચાર્ય એમ પાંચ આચાર્યો સુપ્રસિદ્ધ છે. ઈસાની ૮મી શતાબ્દીથી લઈને ૧૬મી શતાબ્દી પર્યન્તમાં આ પાંચે આચાર્યોએ ભારતમાં જન્મ લઈને પોતપોતાના જીવન-સમયમાં તે-તે સમયની દેશ-કાળની પરિસ્થિતિને લક્ષ્યમાં રાખી માનવ સમાજમાં ક્રાન્તિકારી અને કલ્યાણકારી ઉચ્ચ આદર્શોના મૂલ્યને પ્રસ્થાપિત કરતાં તત્ત્વજ્ઞાન (philosophy) ક્ષેત્રે પણ આગવું પ્રદાન કર્યુ છે. આમાં શ્રીશંકરાચાર્યજીનો વાદ ‘‘**કેવલાદ્વૈત**’’ નામે પ્રસિદ્ધ છે. શ્રી રામાનુજાચાર્યજીનો વાદ ‘‘**વિશિષ્ટાદ્વૈત**’’ નામે પ્રસિદ્ધ છે. શ્રીનિમ્બાર્કાચાર્યજીનો વાદ ‘‘ **દ્વૈતાદ્વૈત**’’ નામે પ્રસિદ્ધ છે. શ્રીમધ્વાચાર્યજીનો વાદ **દ્વૈત** નામે પ્રસિદ્ધ છે અને શ્રી વલ્લભાચાર્યજીનો વાદ **શુદ્ધાદ્વૈત** નામે પ્રસિદ્ધ છે. આ દરેક આચાર્યોએ ભારતીય તત્ત્વજ્ઞાનના મૂલ આધાર સમા ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્ગીતા અને બાદરાયણ વ્યાસે રચેલા બ્રહ્મસૂત્રોને પોતાના વાદમાં પ્રસ્થાન **(प्रस्थीयते अस्मात् अनेन वा इति प्रस्थानम्** એટલે કે એ શાસ્ત્રો કે જે બ્રહ્મપ્રાપ્તિમાં હેતુભૂત-મુખ્ય માર્ગદર્શક હોય એને પ્રસ્થાન તરીકે આલેખવામાં આવે છે.) તરીકે સ્વીકારીને પોતપોતાના દષ્ટિકોણ મુજબ ભાષ્યોની રચના કરી છે. એટલે કે આ દરેક આચાર્યોના જુદા જુદા વાદોનો આધાર તો આ પ્રસ્થાન તરીકે પ્રસિદ્ધ શાસ્ત્રો જ છે, અને તે વાદો અનુસાર જ દરેક આચાર્યોએ માનવ સમાજને પોતાનું જીવન સફળ કરવાનો કલ્યાણકારી આધ્યાત્મિક માર્ગ પ્રદર્શિત કર્યો છે. અતઃ તે-તે આચાર્યો દ્વારા ઉપદેશ કરાયેલ તત્ત્વજ્ઞાન એ બન્નેને મેળવીને જે તે મુજબ તે-તે આચાર્યોના સમ્પ્રદાયો પરંપરાથી આજ સુધી ચાલ્યા આવે છે.

## (૨) શ્રી વલ્લભાચાર્યજીનું ભૂતલ પર પ્રાગટ્યનું કારણ

દરેક આચાર્યોનું આ ધરાતલ પર આગમન એ કોઈને કોઈ વિશેષ -મહાન ઉદ્દેશ્યને લઈને જ થયું છે અને એ ઉદ્દેશ્યની પૂર્તિ માટે જ તેમના જીવનના સકલ કાર્યો અને ઉપદેશો રહેલા છે. આમાં શ્રીવલ્લભાચાર્યજીનું આ ભૂતલ પર પધારવું તે પણ ભગવાનની ઈચ્છાથી ભગવાનને અભીષ્ટ એવા કાર્યને પૂર્ણ કરવા થયું છે. આ બાબત શ્રી વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી પોતે જ તેઓશ્રી દ્વારા વિરચિત શ્રી ભાગવતની ટીકા સુબોધિનીના આરંભે મંગલાચરણના શ્લોકોમાં જણાવે છે. - ‘‘**अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाक्पतेरन्यस्तत्रविधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतेः। दत्वाज्ञां च कृपावलोकन-पटुर्यस्मादतोऽहं मुदा गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम्** ’’ (સુબો-૧- ૧ કારિકા) એટલે કે-જીવોના પરમ કલ્યાણ માટે ભગવાનના જ્ઞાનાવતાર શ્રી વ્યાસજીએ અલૌકિક અર્થોથી સભર એવા શ્રી ભાગવતશાસ્ત્રની રચના કરી પરન્તુ પરમ કલ્યાણકારી અર્થ ભાગવતમાં ગૂઢતાથી ઊંડાણમાં છુપાયેલો હોઈ તે અર્થે પ્રકટ ન થાય ત્યાં સુધી જીવોની પ્રવૃત્તિ ભાગવતમાર્ગે થાય નહિ અને ભાગવતમાર્ગે (ભાગવતમાં દર્શાવેલા માર્ગે) ચાલ્યા વિના જીવોનું પરમ કલ્યાણ આ કલિકાલમાં શક્ય ન હોવાથી કલિકાલના પ્રવાહમાં વહી રહેલા અને બીજા-બીજા માર્ગે વળી જઈ ભ્રાન્તિથી આમાં જ અમારું કલ્યાણ છે તેમ માની બેસેલા દૈવીજીવોનું કલિકાલમાં પણ પરમ કલ્યાણ થાઓ તેવી અતિશય કૃપાપૂર્વક ઈચ્છા

કરતાં શ્રીભગવાને મને ભૂતલ પર જઈ શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકટ કરવા આજ્ઞા કરી તેથી તે શ્રી ભગવાનની આજ્ઞા અનુસાર મનુષ્યરૂપે આ ભૂતલ પર જન્મીને ભગવાનની ઈચ્છા-આજ્ઞા અનુસાર આ સુબોધિની ટીકા દ્વારા વિષ્ણુરૂપ વ્યાસજીના મતે સંમત તેમને અભીષ્ટ થાય તે મુજબ શ્રીભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરીશ.

આ ઉપરાન્ત શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજી સ્વરચિત શ્રી વલ્લભાષ્ટક નામના ગ્રન્થમાં શ્રીવલ્લભાચાર્યજીના પ્રાદુર્ભાવના હેતુ બાબતમાં જણાવે છે. કે **‘दैवीसृष्टिर्व्यर्था च भूयान्निजफलरहिता’** હે શ્રીવલ્લભાધીશ ! આ ધરાતલ પર જો આપ આવિર્ભાવ પામ્યા ન હોત તો વિવિધ વાદોના પ્રવાહમાં આ દૈવી સૃષ્ટિ તણાઈ રહી હતી તે કયારેય પણ પછી શ્રીવ્રજેશ્વર શ્રીકૃષ્ણને પામ્યા વિના દેવી સૃષ્ટિમાં જન્મવું તે જીવોનું વ્યર્થ થઈ જાત અને તેઓ કૃષ્ણભક્તિરૂપ ફલને મેળવ્યા વિનાના રહી જાત.

આ બન્ને પ્રમાણોથી એમ સ્પષ્ટ સમજી શકાય છે કે દૈવી સૃષ્ટિમાં જન્મેલા જીવોનો કૃષ્ણભક્તિ ઉપલબ્ધિ વડે ઉદ્ધાર કરવો અને તે કૃષ્ણભક્તિ પ્રાપ્તિ અર્થે દૈવીજીવોમાં ભાગવતમાર્ગનો પ્રચાર કરવો અને તેના અર્થે દૈવીજીવોમાં કૃષ્ણભક્તિ સ્થપાય અને તેની વૃદ્ધિ થાય તેવા શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકટ કરવા આમ બે પ્રયોજન મુખ્ય રૂપે શ્રીવલ્લભાચાર્યજીના પ્રાદુર્ભાવ વિષયમાં સામે ઉપસી આવે છે. આ ઉપરાન્ત શ્રી વલ્લભાચાર્યજીના સમયની ભારતની રાજકીય, રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક, તાત્ત્વિક વગેરે ક્ષેત્રોની પરિસ્થિતિને વિચારવામાં આવે તો આ દરેક ક્ષેત્રે એવી અંધાધુંધીનો સમય પ્રવર્તી રહ્યો હતો કે જેમાં ભારતનો ઉચ્ચ કે સાધારણ સર્વ પ્રજાવર્ગ કિંકર્તવ્યવ્યામૂઢતામાં વિક્ષુબ્ધ બની રહ્યો હતો, જેનો ચિતાર તો સ્વયં શ્રીવલ્લભાચાર્યજીએ તેઓશ્રી દ્વારા રચાયેલા કૃષ્ણાશ્રયસ્તોત્રમાં શરુના એકથી છઠ્ઠા શ્લોક પર્યન્તમાં આપ્યો છે. કૃષ્ણાશ્રયસ્તોત્રમાં તેઓશ્રી જણાવે છે કે :-

**सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।**
**पाषण्डःप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥१॥**
**म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।**
**सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥२॥**
**गंगादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।**
**तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥३॥**
**अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।**
**लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥४॥**
**अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।**
**तिरोहितार्थदैवेषु कृष्ण एव गतिर्मम ॥५॥**
**नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।**
**पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥६॥**

ઉપર મુજબના કૃષ્ણાશ્રયસ્તોત્રના આરંભના છ શ્લોક પૈકી પહેલા અને ચોથા શ્લોકથી તે સમયની સામાજિક સ્થિતિ, બીજા શ્લોકથી રાજકીય સ્થિતિ, ત્રીજા શ્લોકથી રાષ્ટ્રીય સ્થિતિ, પાંચમા શ્લોકથી ધાર્મિક ક્ષેત્રની સ્થિતિ અને છઠ્ઠા શ્લોકથી તે સમયની તાત્ત્વિક ક્ષેત્રની સ્થિતિમાં વ્યાપેલી અંધાધુંધી અને તેનાથી ભારતીય પ્રજાના મન-બુદ્ધિ પર જામી પડેલી કિંકર્તવ્યવ્યામૂઢતા (શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ- શું કર્તવ્ય તેનો નિશ્ચય બુદ્ધિમાં નહિ થઈ શકવાની વિશેષ પ્રકારની મૂઢતા) નો ચિતાર આપવામાં આવ્યો છે. આ છ શ્લોકોનો ભાવાર્થ આ મુજબ છે.

(૧) વેદો-પુરાણો-રામાયણ-મહાભારત વગેરે શાસ્ત્રોમાં માનવકલ્યાણના અર્થે જ્ઞાન, કર્મ, ભક્તિ વગેરે જે-જે પણ માર્ગો બતાવ્યા છે તે બધા જ માર્ગો નાશ પામ્યા છે. આ ખલધર્મવાળો કલિયુગ નામનો કાળ જ એવો છે કે જેમાં સમ્પૂર્ણ લોક દંભ, પાખંડ, ઈર્ષ્યા, મત્સરતા, દ્વેષ, કલહ વગેરેમાં પ્રચુર બની રહ્યાં છે જેથી કરીને જ્ઞાન-કર્મ કે ભક્તિમાર્ગની સાધના માટેનાં જરૂરી સાધનો આ કાળમાં શુદ્ધ અને વિશ્વસ્ત રૂપમાં મેળવવા અસંભવ બની રહ્યાં છે. ઉપદેષ્ટા એટલે કે માર્ગનો ઉપદેશ આપનાર અને ઉપદેશ્ય એટલે કે માર્ગનો ઉપદેશ જેને આપવાનો છે તે ઉપદેશ ગ્રહણ કરનાર એમ બન્નેમાં જ અને બન્ને વચ્ચે પરસ્પર જયાં પાખંડ-દંભ વગેરે પ્રવર્તી રહ્યાં હોય અને વળી માર્ગની સાધના માટેનાં સાધનો પણ શુદ્ધ-વિશ્વસ્ત ન મળતાં હોય તેવી દશામાં તે માર્ગમાં કહેવાયેલી સાધના જ અશક્ય બની જતાં જ્ઞાન વગેરે માર્ગોમાં જે સાધના વડે થનારા ફળ કહેવાયા છે તે પણ શક્ય ન રહેવાથી માર્ગનો પણ નાશ થયો છે એમ કહ્યું છે **“સર્વ લોક પાખંડમાં પ્રચુર બની રહ્યો છે”** એમ કહેતાં સમાજની દરેક સંસ્થાઓમાં-કુટુંબસંસ્થા, દંપતીસંસ્થા, વિદ્યાર્થીસંસ્થા, શિક્ષક સંસ્થા, પ્રજાસંસ્થા, રાજ્ય શાસક સંસ્થા, વર્ણ-આશ્રમ વ્યવસ્થા સંસ્થા, વગેરે સંસ્થાઓમાં નીતિ, ન્યાય, ઈમાનદારી, સદ્‌ભાવ, સ્નેહ, સિદ્ધાન્ત, કર્તવ્યપાલન વગેરે ગુણોનો અભાવ થઈ એ સંસ્થાઓનો સંસ્થા તરીકેનો દેખાવ એ માત્ર પાખંડ-દંભ થકી જ રહ્યો છે, વર્ના વાસ્તવમાં આ બધી જ સંસ્થાઓનો ઉચ્છેદ થઈ ગયો છે એમ આમાં તે સમયનું સામાજિક દર્શન છે. (૪)તેવી રીતે ચોથા શ્લોકમાં પણ સામાજિક સ્થિતિનું દર્શન થાય છે. સમાજની સુવ્યવસ્થા અને સમાજનું સારી રીતે -સ્વસ્થતાથી સંચાલન સમાજની ઉપર્યુક્ત સંસ્થાઓમાં રહેલા સત્પુરુષોથી શક્ય બને છે. સત્પુરુષો એટલે જેમાં સદ્‌ગુણોની અધિકતા છે એવા સદ્‌ગુણોના ભંડાર સમા અને સન્માર્ગ પર પોતે ચાલીને બીજાઓને પણ પોતાના ચરિત્ર-કૃતિ દ્વારા સન્માર્ગ પર ચાલવાની પ્રેરણા આપનારા સત્‌પુરુષો. અથવા તો સત્ એટલે પરમાત્મા એટલે ભગવાનને હૃદયમાં - દૃષ્ટિમાં રાખી ભગવાનના માર્ગ પર ચાલનારા અને બીજાઓને ચલાવનારા સત્‌પુરુષો. આવા સમાજનું અથવા સમાજની જુદી જુદી સંસ્થાઓનું નેતૃત્વ કરનારા સત્‌પુરુષો નામે ઓળખાતો નેતા વર્ગ એમાં પણ સત્ એ દેખાવનું આડંબરથી આભાસ માત્ર રહી ગયું છે. તેઓ બહારથી દેખાવ પૂરતા સમાજના હિતકર અને ઉચ્ચગુણોથી યુક્ત છે તેમ તેમની વેશ-ભૂષા-વાણી વગેરેથી દેખાય છે પરંતુ તે દેખાતું સત્ પણ ઉપરનું દંભપૂર્વકનું છે. ખરેખર તો અંદરથી તો તેમનામાં પણ સ્વાર્થવૃત્તિ વગેરે અસદ્ વ્યાપી રહ્યાં છે. તેમના મન-બુદ્ધિ-ચિત્ત તો અતિશય અહંકારથી વિશેષ પ્રકારે મોહગ્રસ્ત બની મૂઢ થઈ રહ્યાં છે અને તેથી કરીને તેમના વડે જે સદ્ આચરણ થવું જોઈએ તેની જગ્યાએ તે લોકો પાપનું અનુવર્તન કરનારા એટલે કે પાપી પુરુષો જેવું આચરણ કરે તેવું આચરણ કરનારા બની રહ્યાં છે. આવાઓ દ્વારા થઈ રહેલા નેતૃત્વના પ્રયત્નમાં પણ સમાજની સુરક્ષા-સુવ્યવસ્થા કે પછી દેશની-રાષ્ટ્રની સમૃદ્ધિ, સમુન્નતિ કે પછી પ્રજાનું આધિભૌતિક-આધ્યાત્મિક ઉત્થાનનો હેતુ ન હોઈ એમના વડે નેતા સ્થાનેથી થઈ રહેલા સામાજિક-રાષ્ટ્રીય-આધ્યાત્મિક પ્રયત્નોમાં પણ તેમનો હેતુ તો પોતાને કેમ વધુમાં વધુ લાભ થાય અને પોતાનો યશ પ્રતિષ્ઠા કેમ વધુ થાય અને પોતાની વધુમાં વધુ વાહ-વાહ કેમ કરીને થાય કે જેથી વાહ-વાહ થતાં સમાજમાંથી પોતાને અધિકથી અધિક લાભ મળતો રહે તે જ હેતુ છે. આ પણ તે સમયના સમાજની પરિસ્થિતિ છે.

(૨) બીજા શ્લોકમાં તે સમયની રાજકીય પરિસ્થિતિનું દિગ્‌દર્શન છે. અયોધ્યા-મથુરા-કાશી-ગંગા યમુના વચ્ચેનો પ્રદેશ, હિમાલય, સિન્ધુનો તટ પ્રદેશ વગેરે એવા પ્રદેશો કે જેનું ધાર્મિક તથા સાંસ્કૃતિક ખૂબ જ મૂલ્ય છે અને જે કેન્દ્રો વર્ષોથી પરાપૂર્વથી ધાર્મિક-સાંસ્કૃતિક પ્રેરણાના સ્રોત રહ્યાં છે તે પ્રદેશો પણ આજે વિદેશી-વિધર્મી મ્લેચ્છોના વારંવારનાં

આક્રમણોથી આક્રાંતિત થઈ રહ્યાં છે. એટલું જ નહિ એ વિદેશી મ્લેચ્છોએ સમ્પૂર્ણ ભારતને સ્વાધીન કરી લેવા માટે વચમાં સહુથી વધુ નડતર રૂપ પ્રજાનું ધાર્મિક-નૈતિકબળ અને જુદી જુદી ભાષા, રીત રીવાજો, પહેરવેશ વગેરેથી એકબીજાથી જુદી પડતી પ્રજામાં સાંકળરૂપ સાંસ્કૃતિક -ધાર્મિક એકતાને છિન્નભિન્ન કરી નાંખી પ્રજાને અને તે દ્વારા રાષ્ટ્રને નિર્બળ બનાવી દઈ પરાધીન બનાવી દેવાના બદ ઈરાદાથી ઈરાદાપૂર્વક તેમણે ભારતના ધાર્મિક-સાંસ્કૃતિક પ્રેરણાસ્રોતરૂપ કેન્દ્રોને વિદેશીસંસ્કૃતિના સંમિશ્રણથી અભડાવવા પ્રયત્ન કર્યો છે.એ થઈ રહ્યો છે અને તેમાં તે મ્લેચ્છો ઘણા અંશે સફળ પણ થયા છે અને તેથી કરી આ બધા સાંસ્કૃતિક-ધાર્મિક કેન્દ્રો સંસ્કૃતિ અને ધર્મના પ્રેરણાસ્રોત ન રહીને પાપાચરણનાં ધામ સમા બની રહ્યાં છે. જેમ કે કાશી એ સમ્પૂર્ણ ભારત વર્ષમાં જ્ઞાન અથવા તો તત્ત્વજ્ઞાનનું મહત્ત્વપૂર્ણ મુખ્ય કેન્દ્ર રહ્યું છે. તેમજ આ કાશી નગરી ભગવાન્ ભોલાનાથ વિશ્વનાથ મહાદેવની નગરી છે અને સાત મોક્ષદાયિની પુરીઓ પૈકીની એક હોવાથી આ નગરીમાં મોક્ષમાર્ગના કાર્યોનો પ્રવાહ ત્યાંની પ્રજામાં સતત વહેતો હતો તેવી નગરી માટે પણ એવી ઉક્તિ લોકોમાં પ્રસિદ્ધ બની કે " **રાંડ સાંઢ, સીઢી, સંન્યાસી, ઈનસે બચે તો સેવે કાશી**" આવી નગરીમાં રાંડ એટલે વારાંગનાઓનું પ્રભુત્વ અને છલથી ધન હરનારા માત્ર દંભપૂર્વક વેશધારી સંન્યાસીઓની ભરમાર આવી સ્થિતિ જ્ઞાન અને મોક્ષના કાર્યોનો અવરોધ દર્શાવે છે. આવાં દરેક કેન્દ્રોને આ રીતે મ્લેચ્છો અભડાવી રહ્યા છે અને તેવાઓનું શાસન ત્યાં ત્યાં સ્થપાતું જઈ રહ્યું છે એમ રાજકીય પરિસ્થિતિનું દર્શન છે.

(૩) ત્રીજા શ્લોકમાં તે સમયની રાષ્ટ્રીય સ્થિતિનું દર્શન કરાવ્યું છે. ગાય, ગીતા અને ગંગા એ ભારતીય પ્રજામાં માત્ર ધાર્મિક શ્રદ્ધાકેન્દ્ર જ છે તેમ નથી પરંતુ ભારતીય પ્રજાના રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં પણ મહત્ત્વપૂર્ણ રીતે પ્રેરણાસ્રોત રહ્યાં છે. એટલું જ નહીં અપિતુ સમ્પૂર્ણ વિશ્વમાં ભારત અને ભારતીય પ્રજાની મહાન તરીકેની પ્રસિદ્ધિમાં પણ આ ત્રણેનો મુખ્ય અને મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે સાધારણ સાંસારિકી અવસ્થામાં પણ અધ્યાત્મલક્ષી જીવનશૈલીને બતાવતાં નિષ્કામ કર્મ, વેદાદિ શાસ્ત્રોની આજ્ઞા મુજબનું દૈવી જીવન, ભગવદ્ ભજન, ભગવાનની શરણાગતિ વગેરે પ્રકારો જણાવી ભારતીય જીવનને સ્થિર કર્યું તો ગાય એ માનવજાત માટે અધ્યાત્મલાભ ઉપરાંત આરોગ્ય, રાષ્ટ્રસમૃદ્ધિ, રાષ્ટ્રીય પ્રજાનો બૌદ્ધિક વિકાસ અને કૃષિ-ખેતી વગેરે બાબતોથી પણ ગાયનું અતિશય રાષ્ટ્રીયમૂલ્ય રહેલું છે. તો ગંગાનો વિશાલ અને અગાધ પ્રવાહ એ ભારતીય પ્રજામાં પવિત્રતા સંપાદન ઉપરાંત કૃષિ, આરોગ્ય, પશુપાલન, વાણિજ્ય-વેપાર, ભૂમિની ફળદ્રૂપતા વગેરે બાબતોથી ગંગાનું પણ રાષ્ટ્રીય મૂલ્ય કમ આંકી શકાય તેમ નથી. તેમ ગંગાની માફક જ બીજા જલાશયોનું પણ એ જ મહત્ત્વ છે. આવા ગંગા વગેરે શ્રેષ્ઠ તીર્થો (ક્ષેત્ર-એટલે ભૂમિના સંબન્ધથી રહેલું ધાર્મિક-પવિત્ર સ્થળ અને તીર્થ એટલે જળના સંબન્ધથી રહેલું ધાર્મિક-પવિત્ર સ્થળ) પણ વૈદિક સનાતન ધર્મવિરોધી, ભારતીય સંસ્કૃતિ વિરોધી અને ભારતીય જનજીવનશૈલી વિરોધી એવા ભારત બહારના ભારતમાં બદઈરાદાથી બળપૂર્વક ઘુસી આવેલા દુષ્ટજનો અને તેવા દુષ્ટજનોની ચમક-દમક અને ઐયાશીથી અંજાઈ ગયેલા અને તેથી સ્વાર્થવશ તેમનો આશ્રય કરીને રહેલા ભારતમાં જન્મેલા દુષ્ટજનો પોતાની દુષ્ટ સંસ્કૃતિ વડે આવાં સ્થળોને અભડાવી રહ્યાં છે, અને સ્થળોની પવિત્રતા-ગરિમાનો નાશ કરી રહ્યાં છે. જેમ કે ધર્મ-સંસ્કૃતિથી વિરુદ્ધ-નીતિ ન્યાય વિરુદ્ધ ઐયાશીભર્યા વારાંગનાઓનાં નાચગાન અને મદિરાપાન સહેલ માટે ગંગાના પ્રવાહનો ઉપયોગ અને ગંગાના પવિત્ર તટે આવાં અભદ્ર નિન્દનીય ક્રીડાકેન્દ્રોનું બહુ માત્રામાં સ્થાપન સાથે એનો વિકાસ થવો. પવિત્રતાના પથ પર લઈ જનારી સંસ્કૃતિના પ્રેરણા બિન્દુ સમા દેવમંદિરોના ધ્વંસ સહ પ્રજાને ભોગ વિલાસમાં ડુબાડી શ્રેષ્ઠ માર્ગથી ચ્યુત કરનાર ઐયાશીનાં કેન્દ્રોનો વિકાસ

એણે તો ભારતીય પ્રજામાંથી સંસ્કૃતિના મૂળને એવાં તો હચમચાવી નાંખ્યા છે કે જેથી આપણી રાષ્ટ્રીય-સાંસ્કૃતિક ઉચ્ચ અને બીજાઓને માટે પ્રેરણાસ્પદ એવી અસ્મિતાને બહુ મોટા જોખમમાં મૂકી દીધા છે. આમ આ ત્રીજા શ્લોકમાં જોખમમાં આવી પડેલી રાષ્ટ્રીયતા અને સંસ્કૃતિની દશાવાળી રાષ્ટ્રસ્થિતિનું દર્શન છે.

**(૫)** પાંચમા શ્લોકમાં તે સમયમાં પ્રજામાં પ્રવર્તી રહેલી ધર્મ સમ્બન્ધી પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે. વૈદિક-ધર્મ અંગેની ક્રિયાઓમાં પ્રજાનો રસ ઘટેલો કે નહિવત્ છે એમ મંત્રોનું અને ક્રિયાઓનું પૂર્ણજ્ઞાન નહિ પણ માત્ર તૂટયા-ફૂટયા જ્ઞાનવાળી પ્રજા બની છે વાક્યથી જણાવ્યું છે. તેવી જ રીતે ધર્મની ક્રિયાઓમાં રસ નથી ઉપરાંત તેને સાધવામાં પણ પ્રજા અશક્ય બની છે એમ જણાવવા જે-તે સમયે પ્રાપ્ત થનારા બ્રહ્મચર્ય વગેરે વ્રતોનાં પાલનમાં પણ તે-તે વ્રતો સાથે યોગ-સંબન્ધ વિનાની બની રહી છે એમ **‘अव्रतयोगिषु’** વાક્યથી જણાવ્યું છે.

(૬) છઠ્ઠા શ્લોકથી જે ભારતીય તત્ત્વજ્ઞાનનો વિશ્વમાં આદર થાય છે તે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે કેવી સ્થિતિ છે તે જણાવી છે. ભારતીય તત્ત્વજ્ઞાનના મૂલ સમા ઉપનિષદો, ભગવદ્ગીતા, બાદરાયણ વ્યાસ કૃત બ્રહ્મસૂત્રો વગેરે રહ્યાં છે. પ્રાચીનકાળમાં તત્ત્વજ્ઞાનને બ્રહ્મવિદ્યા નામે ઓળખવામાં આવતું હતું અને આ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ યમ, નિયમ, બ્રહ્મચર્ય, તપ વગેરે વડે વિદ્યાગ્રહણ કરવાનો અધિકાર સારી રીતે સિદ્ધ થયો હોય તેવા વિદ્યાર્થી-શિષ્યને અતિ પ્રવૃત્તિશીલ એવા શહેરોના-નગરોના વાતાવરણથી સર્વથા અલગ એવા શાન્ત, સુરમ્ય, પવિત્ર વનપ્રદેશમાં ઋષિઓની સાધનાભૂમિ એવા એમના આશ્રમોમાં સદા બ્રહ્મચિન્તનપરાયણ, સર્વ સાંસારિકી કામનાઓથી નિવૃત્ત થયેલા સ્થિતપ્રજ્ઞ ઉત્તમકોટીના ઋષિ-મુનિઓ વડે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ શિષ્યનું સર્વ પ્રકારે હિત વિચારીને કરાતો હતો. પરંતુ કાળના પ્રભાવે તત્ત્વજ્ઞાન માટેની બે જરૂરી સંસ્થાઓ ઉપદેશ આપનાર ગુરુસંસ્થા અને ઉપદેશગ્રહણ કરનાર શિષ્યસંસ્થા આ બન્નેમાં પણ કલિકાળનો પાખંડગુણ પ્રસરતાં જ્ઞાનના આવિષ્કારનો હેતુ જ્ઞાનપ્રાપ્તિ ન રહી સ્વાર્થપૂર્તિ અને દંભ એનો હેતુ બની રહ્યો. તત્ત્વપરાયણ-બ્રહ્મપરાયણ લોકો વડે ઊંડાણથી તત્ત્વચિન્તનપૂર્વક બુદ્ધિમાં જે નિષ્કર્ષ સિદ્ધ થતો તે જ તત્ત્વનિષ્કર્ષ શિષ્યોને અધ્યયનરૂપમાં અપાતો હતો અને તેવા તત્ત્વનિષ્કર્ષથી સિદ્ધ થતો વાદ પણ નિતાન્ત સર્વનું સર્વ પ્રકારે કલ્યાણ સાધનાર, સમાજ, રાષ્ટ્ર, ધર્મની પ્રતિષ્ઠા કરનાર બની રહેતો હતો. પરંતુ ચોથા શ્લોકમાં કહેવાઈ ગયું છે તેમ ઋષિસ્થાનીય એ પુરુષો કે જે ઋષિકાર્ય કરવા અધિકૃત થયા છે એવા સત્ સ્થાનને અલંકૃત કરનારા તથાકથિત સત્પુરુષો પણ તેવા સ્થાને બેસીને પણ સત્ સેવાની જગ્યાએ માત્ર સ્વસેવાપરાયણ બની રહી પોતાનો લાભ અને પોતાની પૂજાનાજ પ્રયત્નો દંભ-પાખંડ પૂર્વક આદરી રહ્યાં છે. તેવી જ રીતે શિષ્યવર્ગ પણ ગુરુની પસંદ ગુણના કે જ્ઞાનના આધાર પર નહિ પણ પ્રસિદ્ધિ, દેખાવ અને ઐશ્વર્યના આધાર પર કરી રહ્યાં છે તેમજ ગુરુનું ચયન પણ તેઓ જ્ઞાન મેળવવા કે ભગવત્ પ્રાપ્તિ કરવાના હેતુથી નહિ પણ અમે આવા મોટા સંતો, મહાત્માઓ, આચાર્યોના શિષ્યો છીએ અને તેમના કૃપાપાત્ર-ખાસ છીએ તેવી લોકમાં પ્રતિષ્ઠા પામવા અને તેમના શક્તિ -સામર્થ્યથી પોતાના ભૌતિક-લૌકિક કાર્યો સાધવાના હેતુથી તેવા ગુરુનું ચયન કરતા હોય છે. આવી સ્થિતિમાં સ્વાર્થ-સંસાર-પાખંડ બમણો બનીને જે તથાકથિત વાદનું લોકમાં પ્રવર્તન-પ્રસાર થાય છે તેવા વાદો વડે કરીને સર્વત્ર સર્વનાશ સર્જાઈ રહ્યો છે. જે તત્ત્વજ્ઞાનથી સિદ્ધ થયેલા વાદો વડે રાષ્ટ્ર નિર્માણ, સમાજનિર્માણ, પ્રજામાં દિવ્યતા, સુસંસ્કારોનું સિંચન, જ્ઞાનવૃદ્ધિ અને તે વડે પ્રજાનું કલ્યાણ વગેરે સિદ્ધ થવા જોઈએ તેની જગ્યાએ પૂર્વોક્ત તેવા વાદો વડે વધુને વધુ પાખંડ-દંભના આસુરની જ અભિવૃદ્ધિ થતી જોવા મળે છે.

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યજીના જ શબ્દોમાં તે સમયની સ્થિતિનો આંખો દેખ્યો હેવાલ જાણી શકાય છે. અતઃઆવી વિષમ સ્થિતિમાં અને વિષમ કાળમાં સત્ય અથવા તો ભગવાનના માર્ગ પર ચાલીને આત્મકલ્યાણ સાધવાની અને દુર્લભ એવા પોતાના મનુષ્ય જન્મારાને સફળ કરી લેવાની ઈચ્છા ધરાવતા લોકોએ કઈ રીતે પોતાની જાતને સન્માર્ગ યા ભગવન્માર્ગ પર ટકાવી રાખવું અને આગળ કલ્યાણના માર્ગે પ્રયાણ કરવું તે બાબતે પ્રજાને સાચું માર્ગદર્શન પૂરું પાડી શકે અને તે માર્ગ પર ચાલવા તેમને બળ, ઉત્સાહ, પ્રસન્નતા આપવામાં સબળ અને સફળ નેતૃત્વ પૂરું પાડી શકે તેવા દિવ્ય, તેજસ્વી, કુશલ, સમર્થ નેતા-ગુરુની આવશ્યકતા અનિવાર્ય બની રહી હતી તેવા સમયે સર્વ વેદાદિ શાસ્ત્રોના સારરૂપ એવા પરમાત્મા પરબ્રહ્મ-પરમેશ્વર-પરમાનંદ શ્રી કૃષ્ણની પ્રેમપૂર્ણા ભક્તિ અને શરણાગતિનો માર્ગ પ્રશસ્ત કરવો અને કૃષ્ણભક્તિના માધ્યમથી સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનની સાથે વિશ્વની સમગ્ર માનવજાતને કૃષ્ણભક્તિની સાંકળથી એકતામાં જોડવું આ પણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો ભૂતલ પર પ્રાદુર્ભાવમાં હેતુ છે. તેઓશ્રીએ પ્રકટ થઈને આ જ ઉપદેશ કર્યો છે કે :

**अयमेव महामोहो हीदमेव प्रतारणम् ।**
**यत्कृष्णं न भजेत्प्राज्ञः शास्त्राभ्यासपरःकृतिः ॥**

(નિબંધ-શાસ્ત્રાર્થ પ્રકરણ)

સર્વશાત્રોનું અધ્યયન-અભ્યાસ કરીને પણ જે લોકો શ્રીકૃષ્ણને ભજતા નથી કે કૃષ્ણભજનને ઉપદેશતા નથી, આ જ એમનો મહાન મોહ છે અને આજ મોટી પ્રતારણા છે.

# (૩) શ્રીવલ્લભાચાર્યજીનું ચમ્પારણ્યમાં પ્રાકટ્ય

જે કુળનું ચરિત્ર ધર્મશીલ, પવિત્ર, શુદ્ધ હોય જ્યાં આચાર અને વિચાર, વાણી અને વર્તનમાં એકાત્મતા એક સરખાપણું હોય, જ્યાં ઉચ્ચ આદર્શોને ફેલાવાનો પૂર્ણ અવકાશ હોય તેવા કુળમાં ભગવદંશનું અવતરણ થાય છે એમ શાસ્ત્રો જણાવે છે.

શ્રીવલ્લભાચાર્યજીના પૂર્વજો દક્ષિણભારતમાં આંધપ્રદેશના વેલ્લનાડુ જ્ઞાતિના તૈલંગ બ્રાહ્મણ હતા. તેઓ ત્રિપ્રવરના, કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શાખાના, ભારદ્વાજ ગોત્રના હતા તથા તેઓ પરમ્પરાથી સોમયાજી હોવાથી દીક્ષિત યા ભટ્ટ અટકથી પણ પ્રસિદ્ધ હતા. શ્રીવલ્લભાચાર્યજીના પૂર્વજો પૂર્વથી પ્રચલિત એવા વિષ્ણુસ્વામી (વૈષ્ણવ) સમ્પ્રદાયને માનનારા અને તે સમ્પ્રદાયની દીક્ષાથી દીક્ષિત હતા. દક્ષિણભારતમાં આંધ્રપ્રદેશમાં સ્તંભાદ્રિના સમીપ અને કૃષ્ણાનદીના કાંઠે વસેલ કાંકરવાલ્લુ (કાકુંભર) ગામમાં નિવાસ કરતા હતા. આ ગામમાં ઘણું કરીને બ્રાહ્મણોની જ વસ્તી હતી. તેઓ બધા વૈદિક સનાતન ધર્મ અનુસાર વર્ણ અને આશ્રમના નિયમોનું ચુસ્તપણે પાલન કરનારા ધર્મનિષ્ઠ, સદાચારપરાયણ, અનન્યતાએ કૃષ્ણભક્તિ કરનાર તેમજ સર્વશાસ્ત્રોના સારી પેઠે અધ્યયન કરેલા પ્રકાંડ અને સુપ્રસિદ્ધ વિદ્વાન હતા. શ્રી વલ્લભાચાર્યજીના પૂર્વ પાંચમી પેઢીના શ્રીયજ્ઞનારાયણ દીક્ષિત જ્યારે સોમયજ્ઞ કરી રહ્યા હતા અને ભગવાન વાસુદેવનું ધ્યાન કરી રહ્યા હતા તે જ અવસરે અચાનક યજ્ઞકુંડમાંથી શ્રીભગવાને પ્રગટ થઈ તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને વરદાન આપ્યું કે તમારી કુલ પરમ્પરામાં જ્યારે એકસોની સંખ્યામાં સોમયજ્ઞ પૂર્ણ થશે ત્યારે તમારા વંશમાં હું જન્મ લઈશ. શ્રીયજ્ઞનારાયણજી ભટ્ટથી પાંચમી પેઢીએ અષાઢ સુદ છઠ (કસુંબા છઠ) ના દિવસે શ્રીવલ્લાભાચાર્યજીના પિતૃચરણ (પિતા) શ્રીલક્ષ્માણભટ્ટજીનો

જન્મ થયો. તેમનાં યલ્લમાજી અને ઈલ્લમાજી નામના બે પત્ની હતા.જેઓ બન્ને વિદ્યાનગરરાજ્યના રાજપુરોહિતની પુત્રીઓ હતા. શ્રીલક્ષ્મણભટ્ટજી વેદવેદાંતના પ્રકાંડ વિદ્વાન અને ભગવાન શ્રીગોપાલકૃષ્ણના ઉપાસક હતા. તેમણે પણ સોમયજ્ઞ કરવાની પૂર્વજોની પરંપરા ચાલુ રાખી અને તેમણે એકસોમો સોમયજ્ઞ પૂર્ણ કર્યો. સો સોમયજ્ઞ પૂરા થયા પછી પણ ભગવાને આપેલા વરદાન અનુસાર તેમના કુળમાં (વંશમાં) ભગવાનનો પ્રાદુર્ભાવ નર રૂપે થવો જોઈએ તે થયો નહિ તેથી તેમનું ચિત્ત વ્યાકુળ બની ગયું અને તેઓ મનથી દુઃખ અનુભવવા લાગ્યા. પોતાની સગર્ભા પત્નીને ઘેરજ છોડીને યાત્રા કરવા નીકળી પડયા. તેઓ જનાર્દન ક્ષેત્રમાં પહોંચ્યા અને ત્યાં પ્રેમાકરમુનિથી ગોપાલમંત્રની દીક્ષા લઈ વિષ્ણુસ્વામી સમ્પ્રદાયમાં દીક્ષિત થયા. થોડા સમય બાદ શ્રીલક્ષ્મણભટ્ટજીના પિતાશ્રી પોતાના પુત્રવધૂને સાથે લઈ જવા પ્રાર્થના કરી પરંતુ દિવ્યવરદાન પૂર્ણ ન થવાનું દુઃખ શ્રીલક્ષ્મણભટ્ટજીના મનમાં હજુ પણ સાલી રહ્યું હતું તેથી ફરીથી બીજી તીર્થયાત્રા માટે પોતાનાં બીજા પત્ની શ્રીઈલ્લમાજીને સાથે લઈ પ્રયાગ કાશી વગેરે સ્થળો તરફ પ્રયાણ કર્યું. આ દરમિયાન તેઓ કાશીમાં હતા ત્યારે કાશીમાં ચારે તરફ એવી અફવા જોરશોરથી ફેલાઈ રહી હતી કે વિદેશી મુસલમાનો અને સંન્યાસીઓની વચ્ચે ભીષણ -હિંસક સંઘર્ષ ચાલુ થઈ ગયો છે. તેથી પોતાની સાથેના યાત્રાળુઓ સહિત પતિ-પત્ની બન્ને કાશીથી ભાગી નીકળ્યા અને ભાગતાં ભાગતાં તેઓ આજના મધ્યપ્રદેશના રાયપુર જિલ્લાના રાજીમ પાસેના ચમ્પારણ્ય નામના સઘન વનમાં પહોંચી ગયા. અહીં ચૈત્રી વિક્રમ સંવત ૧૫૩૫ (ગુજરાતી-૧૫૩૪) તદનુસાર ઈસવીસન ૧૪૭૯ માં ગુજરાતી ચૈત્ર કૃષ્ણ એકાદશીના દિવસે શ્રી ઈલ્લમાજીને કસમયે સાતમે માસે બાળકનો ગર્ભસ્રાવ થયો. માતાએ એમ જાણ્યું કે નવજાત શિશુ મૃત છે તેથી તેને કપડામાં લપેટી ઝાડનાં પાંદડાંઓથી ઢાંકીને એક વૃક્ષની બખોલમાં મૂકી દીધું અને આખી આ ઘટના તેમણે પોતાના પતિ શ્રી લક્ષ્મણભટ્ટજીને પણ કહી. રાત્રે બન્ને પતિ-પત્નીને સ્વપ્નમાં ભગવાને દર્શન આપ્યાં અને સ્વપ્નમાં જણાવ્યું કે જેને તમે મૃત સમજી ઝાડની બખોલમાં મૂકી આવ્યા છો તે તો તમારા પૂર્વજોને આપેલા વરદાન અનુસારનો મેં અવતાર ગ્રહણ કર્યો છે તેને તમે મૂકી આવ્યા છો. સ્વપ્નની વાત બન્નેએ એકબીજાને કરી અને પ્રાતઃકાળે બન્ને એ સ્થળે પહોંચ્યા જ્યાં બાળકને મૃત સમજી વૃક્ષમાં મૂકી આવ્યા હતા. જોતાં જ બન્નેના આશ્ચર્યનો પાર ન રહ્યો કારણ કે ચારે તરફ ફેલાયેલા અગ્નિની વચમાં બાળક આનંદથી રમી રહ્યું છે. માતામાં એકદમ માતૃત્વ ઉમટી પડયું અને તેઓ અગ્નિની પરવા કર્યા વિના બાળક તરફ દોડી પડ્યા તો તે વખતે અગ્નિએ પણ માર્ગ કરી આપ્યો અને અગ્નિ શાન્ત થઈ ગયો. માતાએ બાળકને ઉઠાવી છાતીએ ચાંપ્યા. બન્ને પતિ-પત્નીને વિશ્વાસ થઈ ગયો કે આ અમારું બાળક એ સાક્ષાત્ ભગવાનના વરદાન અનુસારનો અવતાર છે. એવા સમયમાં જ સમાચાર મળ્યા કે કાશીમાં હવે શાન્તિ સ્થપાઈ ગઈ છે તેથી બાળકને સાથે લઈ કાશી તરફ પાછું પ્રયાણ કર્યું. કાશી જતાં માર્ગમાં જ બાળકના જાતકર્મ-નિષ્ક્રમણ સંસ્કાર કર્યા.

## (૪) શ્રીવલ્લભાચાર્યજીનો બાલ્ય કાળ

શ્રીવલ્લભ અતિ બાળવયથી જ અત્યન્ત તીવ્ર બુદ્ધિની પ્રતિભાથી સમ્પન્ન અને અસાધારણ સ્મરણશક્તિવાળા હતા. યજ્ઞોપવીત સંસ્કારના અવસરે ઉપસ્થિત એક બ્રાહ્મણે ગાયત્રીમંત્રનું વ્યાખ્યાન શક્તિના અર્થથી કર્યું. આ સાંભળતાં જ બાળક શ્રીવલ્લભે એનો ઘસીને અસ્વીકાર કરતાં ગાયત્રી મંત્ર એ પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરનાર છે. અને મંત્રમાં રહેલી શક્તિ પણ પરબ્રહ્મની જ છે તેમનાથી સ્વતંત્ર નથી તેમ પ્રતિપાદન બધાની વચમાં કરી બતાવ્યું. બાળકની આવી વિચક્ષણતા જોઈ બધા જ આશ્ચર્યચકિત થઈ રહ્યા. આના પરથી એમ પણ સમજી જ શકાય છે કે સાકાર બ્રહ્મવાદ અને જગત અને પરમાત્મા વચ્ચેના અદ્વૈતનો

વિચાર તેઓશ્રીની બાલવયથી જ બુદ્ધિમાં રહેલો છે. બાળપણમાં માતાપિતા રમવા માટે વિવિધ રમકડાં વગેરે મૂકે તો પણ બાળક શ્રી વલ્લભ તેને નહિ ગ્રહણ કરી પુસ્તકોનું જ ગ્રહણ કરતા. શ્રીવલ્લભનો નાની વયે જ વ્યવસ્થિત અધ્યયનનો આરંભ થયો જોતજોતામાં તો કોઈ કલ્પી ન શકે તેટલા અલ્પ સમયમાં શ્રીવલ્લભે વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત, બ્રહ્મસૂત્ર, વેદાન્ત, ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ મીમાંસા વગેરે દર્શનો ઉપરાંત રામાયણ, મહાભારત, પુરાણો, સ્મૃતિઓ વગેરે સર્વ શાસ્ત્રોનું અધ્યયન પૂર્ણ કર્યું અને સર્વશાસ્ત્રોમાં પારંગત થવાની સિદ્ધિ હસ્તગત કરી. શ્રીવલ્લભની મેધાશક્તિ એટલી તીવ્ર હતી કે જે સમયે તેઓશ્રીના પિતા શ્રીલક્ષ્મણભટ્ટજી બીજા વિદ્યાર્થીઓને અધ્યયન કરાવતા હતા તે સમયાવકાશમાં જ તેઓશ્રીએ નાસ્તિક દર્શનોનું પાંડિત્ય મેળવી લીધું હતું. તેઓશ્રીએ અધ્યયનકાળ દરમિયાન જ સારી રીતે નિશ્ચય કરી લીધો હતો કે દરેક પ્રસ્થાન શાસ્ત્રોનું સારરૂપ તાત્પર્ય અથવા તો શ્રીવ્યાસ મહાશયનું હાર્દ કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત, દ્વૈત, ઔપાધિક દ્વૈતાદ્વૈત, વિશેષાદ્વૈત, અવિભાગાદ્વૈત, વગેરે વાદોમાં નહિ પરંતુ શુદ્ધાદ્વૈત વાદમાં જ રહેલું છે અને પોતાનાં તે મન્તવ્યનું અધ્યયનકાળથી જ વખતો વખત વિશેષ પ્રસંગો પર નીડરતાથી સહુની વચમાં પ્રતિપાદન પણ કરતા હતા. કાશીના મોટા મોટા પંડિતોએ શ્રીવલ્લભના આ દષ્ટિકોણ સામે ગંભીર મતભેદો ઉપસ્થિત કર્યા પરંતુ તે બધાના ભયાનક વિરોધવંટોળ વચ્ચે પણ ગભરાયા વિના કે ડગ્યા વિના શ્રીવલ્લભે તેમની સાથે વાદવિવાદમાં સચોટ પ્રમાણોથી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના નિરૂપણમાં તે બધાને પરાસ્ત કર્યા. શ્રીવલ્લભનું બાલ્યકાળમાં જ આ મુજબનું વેદકાળના ઋષિ-મુનિઓના સમાન ઊંડાણથી થયેલું તત્ત્વચિંતન, સર્વ શાસ્ત્રોની એકાત્મતાએ સાર ગ્રહણ કરવાની શ્રીવ્યાસજી જેવી અદ્ભુત શક્તિ અને તે મુજબના પોતાના મન્તવ્યને નિશ્ચય કરાયેલા સિદ્ધાન્તને વાદના સમયે દિગ્‌ગજ પંડિતોના સમૂહમધ્યે કુશલતાથી નીડરતાએ પ્રસ્તુત કરવાનું શ્રીકૃષ્ણ જેવું અદ્ભુત

સાહસ જોઈ સહુ પંડિતો આશ્ચર્યમાં ગરકાવ થઈ રહેતા અને નિરુત્તર થઈ મૌન થઈ રહેતા. અગિયાર વર્ષની નાની વયમાં જ સર્વશાસ્ત્રનું પ્રકાંડ પાંડિત્ય ઉપલબ્ધ કરીને ત્યારબાદ શ્રીવલ્લભે થોડા જ સમયમાં કાશીના સમસ્ત વિદ્વત્ જગતમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો પ્રકાશ પ્રસારી દીધો હતો. શ્રીવલ્લભે અધ્યયન પૂર્ણ જ કર્યું હતું કે તે સમયે શ્રીવલ્લભની અગિયાર વર્ષની વયમાં ચૈત્રી વિક્રમ સંવત ૧૫૪૬ (ઈ.સ.૧૪૯૦)માં તેઓશ્રીના પિતૃચરણ શ્રી લક્ષ્મણભટ્ટજીનું તિરુપતિ બાલાજીમાં સદેહે સમાઈ જઈ વૈકુંઠધામ ગમન થયું. પોતાના પિતાની ઔર્ધ્વદૈહિક- ઉત્તરક્રિયા (મૃત્યુ પછીની ક્રિયા) પતાવ્યા પછીથી અગિયાર વર્ષની વયે જ શ્રીવલ્લભે પોતાનો પ્રાદુર્ભાવ જે હેતુથી (દૈવીજીવોના ઉદ્ધાર અર્થે) ભૂતલ પર થયો છે તે હેતુને પૂર્ણ કરવા ભારતયાત્રાનો આરંભ કર્યો.

## (૫) દૈવીજીવોના ઉદ્ધાર- અર્થે શ્રીવલ્લભની ભારતયાત્રા

શ્રીભગવાનના નિજલોકના નિજજીવો-દૈવીજીવોનો ભગવાનની ઈચ્છાથી તેમનો ગોલોકથી ભૂતલપર જન્મ થયો તે દૈવી જીવો ભારતના જુદાં જુદાં પ્રદેશોમાં જુદાં જુદાં નગરો, ઉપનગરો, ગામડાઓ, વસ્તીઓ, વનોમાં જન્મ લઈને રહેતા હતા અને દુઃસંગવશ તેઓ કૃષ્ણભક્તિના માર્ગને છોડીને બીજા દેવોની ઉપાસના પ્રધાન જુદા જુદા માર્ગો પર વળી ગયા હતા, તો કેટલાક તો ધર્મમાર્ગ ને જ ત્યાગીને ભૌતિક એશઆરામના ભોગવાદી માર્ગમાં ભટકી ગયા હતા. આ બધા જીવોને કૃષ્ણ સમ્મુખતા આપવી અને તેમને કૃષ્ણભક્તિમાં-પુષ્ટિભક્તિમાં વાળવા એવી શ્રીભગવાનની શ્રીમહાપ્રભુને આજ્ઞા થઈ હોવાથી ભગવાનની આજ્ઞાનું પાલન કરવા અને તે વડે જીવોને અંગીકાર કરી પુષ્ટિમાર્ગમાં તેમનું જીવન સ્થિર કરવા શ્રીવલ્લભે પોતાના પ્રાકટ્ય હેતુને પૂર્ણ કરવા ભારતયાત્રાનો આરંભ પોતાના શિષ્યો-સેવકો સાથે કર્યો. શ્રીવલ્લભાચાર્યજીએ આવી ભારત યાત્રા પોતાનાં ચરણારવિંદથી ચાલીને

ત્રણ વખત કરી છે જેમાં બદરિકાશ્રમથી લઈને કન્યાકુમારી સુધીનો અને (અફગાનીસ્તાનના પર્વત પ્રદેશ સહિત) દ્વારિકાથી લઈને પુરી સુધીના પ્રદેશનો સમાવેશ થઈ જાય છે.

આ યાત્રાઓ દરમિયાન ભારતમાં જ્યાં જ્યાં પણ વિષ્ણુસ્થળો છે કે વિષ્ણુ સમ્બન્ધી તીર્થો છે ત્યાં ત્યાં જવાનો શ્રીવલ્લભાચાર્યજીનો આગ્રહ તેમના ચરિત્રગ્રન્થોમાં સ્પષ્ટ જોવા મળે છે. આ સ્થળો પૈકી ઘણાં સ્થાને શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીભાગવતનું, રામાયણનું અથવા તો વેદોનું પારાયણ કર્યું છે અને જ્યાં આવાં પારાયણો કર્યાં છે તે સ્થાનને આજે શ્રી મહાપ્રભુજીની બેઠક નામથી જાણવામાં આવે છે. આવી ૮૪ (જંબુસર પાસે ડાભાની બેઠકને મેળવતાં ૮૫) બેઠકો પ્રસિદ્ધ છે. આ બેઠકો ઘણું કરીને વિષ્ણુસ્થળ યા તીર્થમાં, પ્રાયઃ કરીને વસ્તીથી દૂર અને કોઈને કોઈ નદી. તળાવ વગેરે જલાશયના સમીપ વૃક્ષાવલીઓના વચ્ચે આવેલી છે. આ દરેક સ્થળો અતિશય શાન્ત, સુરમ્ય અને પવિત્ર વાતાવરણવાળા છે.

યાત્રા દરમિયાન તે તે સ્થળોના રહેવાસી લોકોને શ્રીવલ્લભાચાર્યજી પધારવાના છે તેમ જાણ અગાઉથી જ થઈ જતી હતી તેથી જ્યારે શ્રીવલ્લભાચાર્યજીનો ત્યાં ત્યાં મુકામ થતાં અનેક દર્શનાર્થી ભક્તો તથા જ્ઞાનપિપાસુ લોકો ઉપરાંત શૈવ, શાક્ત, મીમાંસક, વૈશેષિક, જૈન, બૌદ્ધ વગેરે પંડિતો પણ મલ્લની માફક અગાઉથી બધી તૈયારી કરીને શ્રીવલ્લભાચાર્યજી જોડે વાદવિવાદ કરવા મોટી સંખ્યામાં ઉમટી પડતા હતા જેમાં કયારેક ટૂંકામાં તો કયારેક ઘણા દિવસો સુધી વાદ-વિવાદ ચાલુ રહેતો હતો અને આવા દરેક પ્રસંગોમાં અન્તે શ્રીવલ્લભાચાર્યજીનો ઝળહળતો વિજય થતો હતો અને બધા જ વિવાદીઓ પરાસ્ત થઈને નિરુત્તર બની રહી લજ્જાના માર્યા મૌન સેવી લેતા હતા.

શ્રીવલ્લભાચાર્યજીના પ્રતિભાશાલી અપ્રતિમ વ્યક્તિત્વ અને પ્રકાંડ પાંડિત્યની સુવાસ ભારતભરમાં ચોમેર ફેલાઈ ગઈ હોવાથી યાત્રાનો પડાવ જે સ્થળે પડતો ત્યાંના તથા આસપાસના લોકો ખૂબ જ અહોભાવ-ભક્તિભાવ-આદરપૂર્વક શ્રીવલ્લભાચાર્યજીના દર્શનાર્થે અને તેઓશ્રીનો ઉપદેશામૃત લેવાનો લાભ લેવા ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થતા હતા અને શ્રીવલ્લભાચાર્યજીના અસાધારણ-અલૌકિક વ્યક્તિત્વથી અંજાઈ અને તેઓશ્રીનાં વચનામૃતથી આકર્ષાઈ મોટી સંખ્યામાં શ્રીવલ્લભાચાર્યજીનું શિષ્યત્વ સ્વીકારતા હતા. આવું શિષ્યત્વ સ્વીકારનારાઓમાં તે સમયના સાધારણ લોકો ઉપરાંત મોટા પંડિતો, તત્ત્વચિન્તકો, રાજ્યના પ્રધાનો, મંત્રીઓ તથા રાજામહારાજાઓ, મહારાણીઓ વગેરે રાજપરિવારના સભ્યો, શ્રીમન્તો વગેરેનો સમાવેશ થાય છે. તેમાં પણ ખાસ કરીને તે સમયનો બ્રાહ્મણવર્ગ કે જે શૈવ, શાક્ત કે શંકરાચાર્યજીના મતને માનનારો હતો તે બ્રાહ્મણવર્ગ ઘણી મોટી સંખ્યામાં મોટા સમૂહમાં શ્રીવલ્લભાચાર્યજીનું શિષ્યત્વ સ્વીકારતો હતો. આવા શિષ્યો પૈકી ચુનંદા-વિશિષ્ટ શિષ્યોમાં આ સમ્પ્રદાયમાં ૮૪ શિષ્યોનાં નામો સુપ્રસિદ્ધ છે જે ૮૪ વૈષ્ણવની વાર્તા નામે વાર્તા સાહિત્યમાં પ્રસિદ્ધ છે તેમ છતાં પણ જો બરાબર શોધખોળ કરવામાં આવે તો આવાં નામો ૮૪ સુધી સીમિત ન રહી સેંકડોની સંખ્યામાં બીજા ઘણા મહત્ત્વપૂર્ણ શિષ્યોનાં નામોનો ઉમેરો થઈ શકે છે.

## (૬) યાત્રા દરમિયાનના ઉલ્લેખનીય કેટલાક પ્રસંગો

યાત્રા દરમિયાન શ્રીવલ્લભાચાર્યજી એક વાર શ્રીવ્યંકટેશ તિરુપતિ બાલાજી પધાર્યા ત્યારે ત્યાંના રવિનાથ નામના એક પંડિતે શ્રીવલ્લભાચાર્યજીને વેદનું કેટલું જ્ઞાન છે તેની પરીક્ષા કરવાનું વિચાર્યું તો શ્રીવલ્લભાચાર્યજીએ વેદના મંત્રોનો અકારાદિક્રમથી અને તેથી ઉલટાક્રમે બન્ને પ્રકારે પાઠ કડકડાટ કરી બતાવ્યો જે સાંભળી ત્યાંના વૈદિક પંડિતો ચકિત થઈ ગયા.

## વિદ્યાનગરમાં કનકાભિષેક

યાત્રા દરમિયાન શ્રીવલ્લભાચાર્યજીને જાણવા મળ્યું કે તે સમયના તેજસ્વી સમૃદ્ધ અને સબળ રાજ્ય વિદ્યાનગરના મહારાજા કૃષ્ણદેવરાયે એક વિશાલ અખિલ ભારતીય ધર્મસભા બોલાવી છે અને તેમાં દેશભરના સમ્પ્રદાયના આચાર્યો, મઠાધીશો. મહામંડલેશ્વરો તથા પંડિતોને આમંત્ર્યા છે. તેમાં સર્વ પ્રકારે સત્ય અને શ્રેષ્ઠ કોણ તેનો નિર્ણય કરવા દરેક વચ્ચે વાદ-શાસ્ત્રાર્થનું આયોજન થયું છે અને ઘણા વખતથી વાદ ચાલુ છે જેમાં મુખ્યરૂપે આવનારાઓ બે ભાગે વહેંચાઈ ગયા છે જેમાં એક ભાગ વૈષ્ણવમતોનો છે અને બીજો ભાગ શાંકર-શૈવ-શાક્ત મતવાળાઓનો છે. આ બેમાં બીજા ભાગનો મત વિજય તરફ આગેકૂચ કરી રહ્યો છે અને આ વાદમાં જેનો વિજય થશે રાજા તેનું શિષ્યત્વ સ્વીકારશે. પ્રાયઃ કરીને બીજા દિવસે શંકરાચાર્યને વિજેતા ઘોષિત કરી તેમનો મહાઆદર રૂપમાં કનકાભિષેક થવો પણ નિશ્ચય થઈ ગયો હતો. આ સાંભળતાં શ્રીવલ્લભાચાર્યજીએ કૃષ્ણદેવરાયને કહેણ મોકલ્યું કે હજુ અમારી સાથે શાસ્ત્રાર્થ વાદ થવો બાકી છે. તેથી ત્યાં સુધી કોઈને પણ વિજેતા તરીકે ઘોષિત કરવા જોઈએ નહિ અને યથાસમય શ્રીવલ્લભાચાર્યજી કૃષ્ણદેવરાયની ધર્મસભામાં પોતાના વિશાલ શિષ્યગણ સાથે પધાર્યા. કેવળ ઝીણા સૂતરાઉ ધોતી-ઉપરણા ધારણ કરેલી અતિ સાદગીમાં પણ લલાટે ઊર્ધ્વપુંડ્ર તિલક અને કંઠે તુલસીની કંઠી ધારણ કરેલું અપ્રતિમ ઓજસ્વી વ્યક્તિત્વ અને અતિશય તેજસ્વી, શાન્ત, સુન્દર મુખાકૃતિવાળા શ્રીવલ્લભાચાર્યજીએ જ્યારે ધર્મસભામાં પ્રવેશ કર્યો અને સાથેના શિષ્યગણે તે સાથે તેઓશ્રીનો જય જયકાર કર્યો તેની સાથે જ આપશ્રીના દ્વિજરૂપમાં અલૌકિક ભગવત્પ્રતિભાના દર્શનમાત્રથી પ્રભાવિત થઈ ગયેલા ઉપસ્થિત રાજા, રાજપરિવાર, મંત્રીમંડળ ઉપરાંત વિશાલ સંખ્યામાં ખીચોખીચ ઉપસ્થિત આચાર્યો, પંડિતો વગેરે સહુએ અનાયાસજ પોતાના સ્થાનથી ઊભા થઈ જઈ આગમન પર આપશ્રીનો આદર કર્યો. રાજાએ શ્રીવલ્લભાચાર્યજીને આદરણીય સ્થાન પર આચાર્યોની પંક્તિમાં સ્વતંત્ર સિંહાસન પર બિરાજમાન કર્યા અને આપશ્રીનો વિધિવત્ ઉપચારો પૂર્વક પૂજા-સત્કાર કર્યો. આ વાદસભામાં શ્રીવલ્લભ પધાર્યા તે દિવસ વાદ-શાસ્ત્રાર્થનો સાતમો દિવસ હતો અને આ વાદસભાનાં અધ્યક્ષ સ્થાને મધ્વાચાર્ય શ્રીવ્યાસતીર્થ બિરાજમાન હતા. શ્રી વ્યાસતીર્થની અધ્યક્ષતામાંજ રાજા કૃષ્ણદેવ અને ઉપસ્થિત સહુ આચાર્યો પંડિતો વગેરે તથા અધ્યક્ષની સમ્મતિથી શ્રીવલ્લભાચાર્યજી અને માયાવાદીઓ વચ્ચે શાસ્ત્રાર્થ થવો આરંભ થયો અને તે ઘણા દિવસો સુધી (એક માન્યતા પ્રમાણે ૨૮ દિવસ પર્યન્ત) શાસ્ત્રાર્થ ચાલતો રહ્યો.

જગત બ્રહ્મનું માયામાં પડેલું પ્રતિબિંબ હોવાથી પ્રતિબિંબની માફક જગત પણ અસત્ય છે.જીવ એ બ્રહ્મજ છે. બ્રહ્મ જ માત્ર સત્ય છે અને માયા અનિર્વચનીયા છે તેવું પ્રતિપાદન કરનાર માયાવાદીઓના માયાવાદનું સપ્રમાણ સચોટ ખંડન કરીને જીવ, જગત બ્રહ્મ વચ્ચે શુદ્ધ અદ્વૈત છે, જીવ એ બ્રહ્મ નહિ પણ બ્રહ્મનો ચેતન અંશ છે અને બ્રહ્મ સાથે જીવનો અંશ-અંશી સમ્બન્ધ છે તેથી પ્રભુ નિત્ય સ્વામી છે અને જીવ પ્રભુનો નિત્ય દાસ છે. તેવી જ રીતે બ્રહ્મના સદંશથી જગતનો પ્રાદુર્ભાવ છે અને પરબ્રહ્મજ જગત રૂપે પરિણમ્યા હોવાથી જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે તેમજ જગત-બ્રહ્મ વચ્ચે નિમિત્ત કારણ-સમ્બન્ધ પણ છે અને સમવાયી સમ્બન્ધ પણ છે. તેથી જગત આભાસ નથી, અસત્ય નથી, અપ્રતિષ્ઠિત નથી, અનીશ્વર નથી પરંતુ જેમ બ્રહ્મ સત્ય છે તેમ જગત પણ બ્રહ્મનું જ રૂપ અને સદંશ હોવાથી જગત સત્ય છે. બ્રહ્મ પ્રકૃતિના ગુણોથી નિર્ગુણ અને પોતાના અલૌકિક-અપ્રાકૃત ગુણોથી સગુણ છે. તેવી જ રીતે બ્રહ્મ પોતાના અલૌકિક આકારે સાકાર પણ છે અને તે જ રીતે તે સધર્મક પણ છે. વેદ-ઉપનિષદમાં સગુણ-નિર્ગુણ,

સાકાર-નિરાકાર, સવિશેષ-નિર્વિશેષ બન્ને પ્રકારની શ્રુતિઓ જોવા મળતી હોવાથી વિરુદ્ધધર્માશ્રય બ્રહ્મ છે એ જ પરસ્પર શ્રુતિવિરોધ પરિહાર છે. આનન્દમય-રસરૂપ બ્રહ્મ જ સર્વાન્તર અને સર્વ નિયન્તા છે અને તે આનન્દમય આકારે સાકાર છે. આ આનન્દમય સ્વરૂપનેજ શાસ્ત્રોમાં કૃષ્ણ નામે ઓળખવામાં આવે છે. પરમાત્મા પરબ્રહ્મ સર્વેશ્વર સચ્ચિદાનન્દ શ્રીકૃષ્ણ એ સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી કોઈ પણ સાધન તેને સાધી શકવા સમર્થ નથી પરન્તુ શ્રીકૃષ્ણ જેના પર અનુગ્રહ વરસાવે છે અને જે જીવનું કૃપાપૂર્વક વરણ કરે છે તેજ તેને પ્રાપ્ત કરી શકે છે. કૃષ્ણ જેના ઉપર અતિશય કૃપા કરે છે ત્યારે તે જીવને ભક્તિમાર્ગમાં સ્થાપી તેને પ્રેમાત્મિકા-પ્રેમલક્ષણા ભક્તિનું દાન કરે છે અને એ ભક્તિની ચરમ સીમાએ ભક્ત પર અતિ સન્તુષ્ટ થઈને તેને પરમાનન્દનો અનુભવ કરાવે છે વગેરે સિદ્ધાન્તો પ્રસ્થાન ચતુષ્ટયનાં પ્રમાણોથી (વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, ભાગવત ચારેની એકવાકયતાથી) સચોટ સાબિત કરીને સામા પક્ષના પંડિતોને નિરુત્તર કરી પરાસ્ત કર્યા અને આ ધર્મસભામાં આ રીતે વૈષ્ણવસમ્પ્રદાયોનો અને શુદ્ધાદ્વૈત નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગનો જયજયકાર કર્યો. આ બાદ ત્યાં ઉપસ્થિત દરેક આચાર્યો, વિદ્વાનો, અગ્રણીઓ સહિત રાજા કૃષ્ણદેવે શ્રીવલ્લભનો અતુલિત પ્રભાવ અને પ્રકાંડ પાંડિત્ય તેમજ દિવ્ય પ્રતિભા જોઈને ખૂબજ આશ્ચર્યપૂર્વક પ્રભાવિત થઈને અતિશય ઉચ્ચ આદરપૂર્વક વૈદિક સનાતન ધર્મના આચાર્ય અને આ ધર્મસભાના વિજેતા તરીકે સર્વની સમ્મતિથી શ્રીવલ્લભાચાર્યચરણનું વૈદિક વિધિ મુજબ પૂજન કર્યું અને સો મણ સોનાથી બનેલા સિંહાસન પર બિરાજમાન કરાવી તે સમયે રાજ્યસન્માન રૂપ દક્ષિણભારતમાં પ્રસિદ્ધ કનકાભિષેક કરાવ્યો અને ઢગલાબંધ સોનામહોરો ભેટ ધરી. શ્રીવલ્લભાચાર્યજીએ આ બધુંજ સુવર્ણ ઉપસ્થિત બ્રાહ્મણોમાં વહેંચી દીધું અને રાજાને કહ્યું અમે એકવાર સ્નાન કરેલું જળ ફરીથી ઉપયોગમાં લેતા નથી- આ દ્રવ્ય અભિષેકમાં આવેલું હોઈ અમારા કે શ્રીપ્રભુની સેવાના ઉપયોગમાં આવી શકે નહિ.

શ્રીવલ્લભાચાર્યજીની આવી નિર્લોભિતા અને સુવર્ણ પ્રત્યેની સાધારણ બુદ્ધિ જોઈ રાજા ખૂબજ પ્રભાવિત થયા અને તેમણે પોતાના સંપૂર્ણ પરિવાર સહ શ્રીવલ્લભાચાર્યજી વડે શ્રી કૃષ્ણશરણની દીક્ષા લઈ વૈષ્ણવધર્મ અંગીકાર કર્યો.

વિદ્યાનગરથી આગળ તેઓશ્રીએ એ સ્થળો પ્રતિ પ્રયાણ કર્યું કે જે સ્થળો ધાર્મિક, શાસ્ત્રીય યા વિદ્યા ઉપાર્જન કરવાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હતા. આ યાત્રા દરમિયાન બીજા ભૂતપૂર્વ આચાર્યોની જન્મ-કર્મભૂમિનાં સ્થળો પર પણ પધાર્યા. માર્ગમાં આવતાં યાત્રા સ્થળો પર પણ તેઓશ્રી પધારતા હતા અને પવિત્ર નદીઓમાં સ્નાન પણ કરતા હતા.આ પદયાત્રાકાળમાં શ્રીવલ્લભાચાર્યજી કયાંય રોકાયા વિના રોજના ઓછામાં ઓછું ૧૨ માઈલ અવશ્ય ચાલતા હતા. દક્ષિણથી ઉત્તર તરફની યાત્રા કરતાં તેઓશ્રી ચન્દ્રભાગા નદીના તીરે આવેલ પંઢરપુર (મહારાષ્ટ્ર) પહોંચ્યા અને ત્યાં શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કર્યાં. તે વખતે શ્રીવિઠ્ઠલનાથ ભગવાન સામે ચાલીને શ્રીવલ્લભાચાર્યજીનું સ્વાગત કરવા ચન્દ્રભાગા તીરે પધાર્યા અને બન્ને ખૂબ પ્રેમથી ભેટયા. આ સ્થળનું આજે પણ પંઢરપુરમાં ચન્દ્રભાગા તીરે આવેલ શ્રીમહાપ્રભુજીની બેઠકના સમીપમાં દર્શન કરી શકાય છે. ત્યાર બાદ ત્યાંથી યાત્રા કરતાં કરતાં (હાલ ગુજરાતમાં) સુરત શહેરની પાસે તાપી નદીના કિનારે આવેલ અશ્વિનીકુમાર તીર્થમાં તથા ત્યાંથી આગળ નર્મદા કિનારે આવેલ ભૃગુકચ્છ (ભરૂચ) પધાર્યા. ત્યાંથી જુદાં જુદાં પવિત્ર સ્થળોની યાત્રા કરતાં કરતાં માર્ગમાં અનેક દૈવી જીવોને ભક્તિમાર્ગના ઉપદેશ દ્વારા કૃષ્ણભક્તિ પ્રદાન કરતાં તેઓશ્રી વેત્રવતી નદીના તટે વસેલ તે સમયનું અતિપ્રસિદ્ધ રાજ્ય ઓરછા પધાર્યા. શ્રીવલ્લભાચાર્યજી પોતાના રાજ્યમાં પધાર્યા છે એમ સાંભળતાં ઓરછા રાજ્યના મહારાજા રામચન્દ્રે પોતાના મંત્રીમંડળ તથા પરિવાર સહિત તથા અગ્રણી નગરજનો સહિત શ્રીવલ્લભચાર્યજીનું ઉમળકાભેર

સ્વાગત કર્યું.આ સમયે ત્યાં તે સમયના પ્રસિદ્ધ તાંત્રિક પંડિત શૈવાનંદયતિએ પોતાની તંત્રવિદ્યા વડે બધાને મોહિત કરીને રાજાને પ્રભાવિત કરી રાખ્યા હતા અને રાજમહેમાન તરીકે મહિનાઓથી ધામો નાંખી રાજવૈભવ ભોગવી રહ્યા હતા. શ્રીવલ્લભાચાર્યજીનો રાજા પર અને નગરજનો પર અદ્‌ભુત પ્રભાવ પડેલો જોઈ આ પંડિત ઈર્ષ્યાના માર્યા જલી ઊઠયા. એણે શ્રીવલ્લભાચાર્યજીને શાસ્ત્રાર્થ માટે લલકાર્યા. એને વિશ્વાસ હતો કે એની તાંત્રિક વિદ્યાસામે બીજા પંડિતોની માફક શ્રીવલ્લભાચાર્યજીને પણ ઝુકાવી શકાશે. વાદ વિવાદમાં જ્યારે આ શૈવાનંદયતિને એમ લાગે કે એ પરાજય તરફ જઈ રહ્યા છે ત્યારે તે પ્રસ્તાવ મૂકતો કે દરેક વિદ્યાનું મૂલ સરસ્વતી છે તેથી સરસ્વતીનું આવાહન કરીને તેને પૂછવામાં આવે કે સત્ય સિદ્ધાન્ત શું છે. એણે તંત્રવિદ્યાથી સરસ્વતીની સાધના કરી સરસ્વતીને તંત્રવશ કરી રાખી હતી અને આવા શાસ્ત્રાર્થમાં તે એક ઘડામાં તંત્રવિદ્યા દ્વારા સરસ્વતીનું આવાહન- પૂજન કરી રાજા-નગરજનો તથા પંડિતોના વચમાં સરસ્વતીને તે પ્રશ્ન કરતો કે બોલ સરસ્વતી વાદમાં અમારા બેમાં કોનું કહેવું સત્ય છે અને વશ કરાયેલી સરસ્વતીનો ઘડામાંથી અવાજ આવતો કે શૈવાનન્દયતિ જે કહે છે તે સત્ય છે. અને આ રીતે સામા પક્ષને છલથી પરાજિત થવા તે બાધ્ય કરતો હતો આથી એ યતિનું નામ ઘટસરસ્વતી પણ પ્રસિદ્ધ હતું. જગત સત્ય છે તેમ શ્રીવલ્લભાચાર્યજીના વાદ સામે જગત મિથ્યા છે તેવો તેનો વિવાદ હતો અને શાસ્ત્રો તેમજ તર્કના આધારે વાર્તાલાપ થતાં અંતે તેનો પરાજય થતો જોઈ તેણે આ વખતે પણ એજ સરસ્વતીને પ્રશ્ન કરવાનો પ્રસ્તાવ મૂકયો. સર્વ કંઈ જાણવાની શક્તિવાળા શ્રીવલ્લભાચાર્યજી તેના કપટને બરાબર સમજી ગયા તેમ છતાં પણ તેમને કોઈ ડર હતો નહિ. તેઓશ્રી ને વિશ્વાસ હતો કે તેમની આગળ આ યતિની તંત્રવિદ્યાનું છલ ચાલી શકશે નહિ અને તેઓશ્રીએ સરસ્વતીને પ્રશ્ન કરવા સમ્મતિ આપી. દરેક વખત અનુસાર આ યતિએ બધાના વચમાં ઘડામાં સરસ્વતીનું આવાહન કરી નિયમ મુજબ

પ્રશ્ન કર્યો શ્રીવલ્લભાચાર્યજી અને મારા વચમાં કોનું કહેવું સત્ય છે ? બે-ત્રણ-ચાર વખત પૂછતાં ઘડામાંથી સરસ્વતીનો કોઈ અવાજ ન આવતાં ક્રોધમાં ભરાઈને ઉગ્રતાથી તેનાં વડે જે સત્ય હોય તે જણાવવા પ્રશ્ન કરાતાં અંતે ઘડામાંથી સરસ્વતીનો અવાજ આવ્યો કે જગત સત્ય છે. બ્રહ્મરૂપ છે અને જીવ એ પરમાત્માનો અંશ છે એમ શ્રીવલ્લભાચાર્યજીનો મત જ સર્વથા સત્ય છે. રાજા, રાજપરિવાર, નગરજનો, વિદ્વાનો, અગ્રણીઓ વચ્ચે પોતાનો પરાભવ જોઈ ડઘાઈ ગયેલા અને ક્ષોભિત થયેલા શૈવાનંદ ક્રોધ કરીને પગ પછાડતા સભા છોડી ચાલી નીકળ્યા અને સરસ્વતીવાળા ઘડા ઉપર બધો ગુસ્સો કાઢી ફેંકવા લાગ્યા ત્યારે સરસ્વતીએ કહ્યું યતિ ! મારા પર શા માટે ક્રોધ કરો છો, અત્યાર સુધી તો દરેક વખતે મેં તમારો પક્ષ લીધો જ છે અને તમને સર્વત્ર વિજેતા બનાવ્યા છે પણ આજની વાત જ જુદી છે. આ જગ્યાએ તો હું કોઈને પણ વશ થઈને અસત્ય કહી શકું તેમજ ન હતું કારણ કે હું સરસ્વતી વાણી છું તો શ્રી વલ્લભાચાર્યજી એ સાક્ષાત્ શ્રીકૃષ્ણના આસ્ય-મુખાવતાર- વૈશ્વાનર-વાક્પતિ-વાણીના પતિ છે તેથી વાણીના પતિ આગળ વાણી-સરસ્વતી કેમ કરીને અસત્ય બોલી શકે ? આવી રીતે આજ પહેલાં શૈવાનંદે કેટલાએ પંડિતોને લજ્જાજનક સ્થિતિમાં મૂકીને પરાસ્ત કરી ચૂકયા હતા અને તે દ્વારા ઘણાં લોકોને ગેરમાર્ગે દોરવી પોતાની પૂજા અને લાભ-પ્રાપ્તિ કરતા હતા તે આ પ્રસંગથી લોકોને સાચો માર્ગ મળ્યો છે એમ સહુએ અનુભવ્યું. આ પછી શ્રીવલ્લભાચાર્યજીની દિવ્ય પ્રતિભાથી પ્રભાવિત થઈને ઓરછાના રાજા રામચન્દ્ર સપરિવાર શ્રી વલ્લભાચાર્યજીના શરણે આવી શિષ્ય બન્યા અને તેમણે પણ શ્રીવલ્લભાચાર્યજીનો દેશભરના વિદ્વાનોની હાજરીમાં કનકાભિષેક કરાવ્યો ( દ્રષ્ટવ્ય-ઓરછા રાજ્યનો ઈતિહાસ-પ્રતાપવંશાર્ણવ ગ્રન્થ)

ઓરછાથી આગળ બીજા અનેક રાજ્યોમાં રાજકીય વિશિષ્ટ

સન્માનથી વિભૂષિત થતાં માર્ગમાં અનેક દૈવી જીવોને કૃષ્ણભક્તિના માર્ગમાં વાળતાં અને શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગનો પ્રચાર કરતાં તેમજ ગામેગામ અનેક ગૃહસ્થોનાં ઘરોને કૃષ્ણમંદિર રૂપમાં ફેરવતાં શ્રીવલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણની જન્મ અને લીલાભૂમિ એવા વ્રજપ્રદેશ-મથુરા પધાર્યા. શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના સમ્પ્રદાયમાં શ્રી ગિરિરાજ પર્વત પર શ્રી શ્રીનાથજીના મંદિર સિવાય બીજા કોઈ મંદિરની પ્રતિષ્ઠાપના કરી નથી. કારણ કે ભોજન અને ભક્તિ એ પોતે જ જમવાથી કે કરવાથી પેટ કે મનઆત્મા ભરાય છે. કોઈ જમે અને આપણું પેટ ભરાય તે શક્ય નથી તેમ કોઈ સેવા કરે અને આપણો આત્મા ભરાય કે આપણા આત્મામાં આનંદ પ્રગટ થાય તે પણ શક્ય નથી. શ્રીવલ્લભાચાર્યજીએ નિર્દેશેલી ભક્તિમાં શરીરમાં રહેલી સર્વ ઈન્દ્રિયો, શરીરનાં દરેક અંગો અને અંતઃકરણ સહિત મનનું -ચિત્તનું કૃષ્ણમાં સતત પ્રવાહ રૂપે પરોવાઈ જવું છે. મનમાં અતિશય પ્રેમપૂર્વક કૃષ્ણભાવ વ્યાપી જઈ જે કંઈ પણ થાય તે ભક્તિ છે અને તેવી ભક્તિ એક કે બે સમયનાં દર્શન કરવા માત્રથી મનમાં ઉદ્‌ભવી શકે તેમ નથી. તેના માટે તો કૃષ્ણનું સતત સાન્નિધ્ય અને કૃષ્ણની સતત સેવાનું આવર્તન થતું રહેવું જરુરી છે. આપણા જીવનનો મોટા ભાગનો સમય ઘરમાં વ્યતીત થતો હોય છે અને મનુષ્યને પોતાની જાત પછીથી જો કોઈમાં વધુ મોહ રહેતો હોય તો તે ઘરમાં વધુ રહે છે તેથી મનુષ્ય એની પોતાની જાત અને એની સાથે ઘનિષ્ઠતાથી સંકળાયેલું એનું ઘર એ બન્ને જ જો આસુરી ભાવમાં ડૂબેલા રહે તો તેનામાં ભક્તિનું આવર્તન કેવી રીતે બની શકે ? હું અને મારુંની સ્વાર્થવૃત્તિ અથવા તો લેવાની વૃત્તિએ આસુરીભાવ છે અને સ્નેહ-સમર્પણની વૃત્તિ એ વૈષ્ણવભાવ છે. જીવનની દરેક ક્ષણો અને જીવન સાથે સંકળાયેલી વસ્તુમાત્ર જ્યારે સમર્પણભાવથી રંગાઈ જાય છે ત્યારે તેનામાં કૃષ્ણની પ્રેમસ્વરૂપની ભક્તિ પ્રગટે છે. આના માટે એ જરૂરી છે કે કોઈ ભક્તિમય એવો પ્રકાર હોય જેમાં મનુષ્યનું જીવન અહર્નિશ લેવાનું છોડી-ભૂલી સમર્પણભાવે આપવાનું જ વિચારતો હોય અને તે મુજબ આપતો જ રહે. સમર્પણભાવથી કરેલી સેવા અને તેવી સેવામાં સતત વ્યસ્ત રહેવાથી સમર્પણભાવે સતત જીવન વીતાવવાથી કૃષ્ણપ્રેમ મનમાં જાગે તેવો સેવા પ્રકાર પોતાના સમ્પ્રદાયમાં વૈષ્ણવો માટે શ્રીવલ્લભે વિચાર્યો અને તે સેવાપ્રકાર પોતાના ઘરમાં જ કૃષ્ણસેવા પધરાવી તે સેવામાં સતત ચિત્ત પરોવવું અને પોતાનું શરીર અને પોતાનું ધન તેનો ઉપયોગ તે સેવામાં કરવો. આ રીતે ગૃહસ્થોનાં ઘર-ઘરમાં કૃષ્ણસેવાનું વિધાન કરીને હજારો ગૃહસ્થોના ઘરોને કૃષ્ણમંદિરના રૂપમાં અને હજારો પરિવારોને કૃષ્ણસેવકના રૂપમાં ફેરવી નાંખવાની એક મોટી ક્રાંતિ શ્રીવલ્લભાચાર્યે તે સમયમાં કરી હતી.

## બ્રહ્મસંબંધમંત્ર પ્રાકટ્ય

શ્રીવલ્લભાચાર્યજી મથુરાથી ગોકુલ પધાર્યા અને ગોવિંદઘાટ પર બિરાજ્યા. ઘણા સમયથી શ્રીવલ્લભાચાર્યજીમાં મનોમંથન ચાલતું હતું કે પ્રભુશ્રીકૃષ્ણ એ અલૌકિક છે અને તે લૌકિક ભાવે સમર્પેલું સ્વીકારતા નથી અને પ્રભુના સ્વીકાર વિના નિવેદન કરાયેલા પદાર્થો કે પછી નિવેદિત થતી સેવા એ આધિદૈવિક કેવી રીતે બને ? તેમજ ભગવાનને સમર્પિત થઈ નિવેદિત થયેલી વસ્તુઓના ઉપયોગથી જીવનો સંસાર નાશ પામી શકે છે અને બીજી બાજુ જીવના અનેક દોષો હોવાથી આવા જીવ વડે-લૌકિક ભાવે કરેલું સમર્પણ જો ભગવાન ન સ્વીકારે તો તેની ભક્તિ સાધનદશામાંથી સિદ્ધ દશામાં કેમ કરી પ્રવેશી શકે ? આ બે વાત વચ્ચેનું જોડાણ કેમ કરવું તેના વિચારમાં શ્રીવલ્લભાચાર્યજી ચિન્તિત હતા. પ્રભુની આજ્ઞા છે કે દૈવીજીવોનો ઉદ્ધાર કરો અને જીવો દુષ્ટસ્વભાવના હોવાથી ઉદ્ધારનું સાધન ભક્તિમાં પ્રવેશી શકતા નથી તો પછી ભગવાનની આજ્ઞાનું કેવી રીતે પાલન થાય અને દૈવીજીવોનો ઉદ્ધાર થાય તેની અતિશય ચિન્તામાં શ્રીવલ્લભાચાર્યજી અને તેઓના પ્રિય અને મુખ્ય શિષ્ય શ્રીદામોદરદાસ હરસાનીજી રાત્રે ગોકુળમાં ગોવિન્દ ઘાટ પર વિશ્રામ કરી રહ્યા હતા.

શ્રીઆચાર્યચરણ આ ચિન્તામાં જ શયન કરી રહ્યા હતા તે સમયે અચાનક જ મધ્ય રાત્રીએ પ્રભુ શ્રીકૃષ્ણ શ્રીનાથજી શ્રીવલ્લભચાર્યજીના સમક્ષ પ્રત્યક્ષ પ્રગટ થયા અને શ્રીવલ્લભાચાર્યજીને મનમાં ઘણા વખતથી ઘોળાઈ રહેલી ચિન્તાનું નિવારણ કર્યું. પ્રભુ શ્રીકૃષ્ણે શ્રીવલ્લભાચાર્યજી ને બ્રહ્મસંબંધ-પંચાક્ષર સહિત ગદ્યમંત્ર આપ્યો અને જણાવ્યું કે આ મંત્ર વડે આપ જેને પણ મારા શરણે સોંપશો તે જીવના પૂર્વમાં થયેલા દોષોને અવગણીને તેનાં વડે કરાતી સેવાનો હું અંગીકાર કરીશ. તે વખતે બારસના દિવસે સેવામાં પ્રભુને ધરાવવા માટે સિદ્ધ કરી રાખેલ સૂતરનું પવિત્રું પ્રત્યક્ષ ભગવાનને જ સામે પ્રગટરૂપમાં જોતાં શ્રી વલભાચાર્યજીએ તે પવિત્રું પ્રભુને ધરાવ્યું અને સાકર અરોગાવી.ત્યારથી પુષ્ટિમાર્ગમાં શ્રાવણ વદ-૧૧ ને પવિત્રાએકાદશી નામથી વિશેષ રૂપમાં ઉજવવામાં આવે છે. આ ઘટનાનું વર્ણન સ્વયં શ્રીવલ્લભાચાર્યજીએ સ્વરચિત સિદ્ધાન્ત રહસ્ય નામના ગ્રન્થમાં કર્યું છે. બીજા દિવસે પ્રાતઃકાલ શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીદામોદરદાસ હરસાનીજીને બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો અને ત્યારબાદ અનેક દૈવીજીવોને આ મંત્ર દ્વારા ભગવત્સેવા આપી.

ગોકુળથી આગળ શ્રી વલ્લભાચાર્યજી મથુરામંડલ વ્રજના વિવિધ સ્થળો પર પધાર્યા. વ્રજમંડળ, વ્રજવાસીઓ, વ્રજભાષા અને વ્રજવાસ શ્રીવલ્લભને અતિપ્રિય હતા. વ્રજમંડળમાં પરિભ્રમણ કરતાં તેઓશ્રી બહુલાવન પધાર્યા. ત્યાં એમ જાણવા મળ્યું કે બહુલાવનમાં બહુલા નામની ગાયની પ્રતિમાવાળા મંદિરમાં હિન્દુ સમાજ ગાયનું રોજ શ્રદ્ધા-ભાવથી પૂજન કરતા હતા તે ત્યાંના મુસ્લિમ અધિકારીએ ગાયની પૂજા કરવા પર એમ કહી પ્રતિબંધ ફરમાવ્યો હતો કે જો ગાય હોય તો તે ઘાસ ચરે અને આ ઘાસ ચરતી નથી તો પછી આની પૂજા પણ થવી ન જોઈએ. ગામના લોકોની પ્રાર્થનાથી શ્રીવલ્લભાચાર્યજી ગામના મંદિરમાં ગાયની પ્રતિમા પાસે પધાર્યા ત્યારે આસપાસના ઘણાં લોકો ત્યાં એકત્ર થઈ ગયા હતા તેમાં પેલો મુસ્લિમ અધિકારી પણ પહોંચી ગયો હતો. શ્રીવલ્લભાચાર્યજીએ ગાય આગળ ઘાસ નાંખતાં ગાયે જીવિત પ્રાણીની માફક ઘાસ ચરવાનું શરુ કર્યું. આ જોઈ પેલો મુસ્લિમ શાસક આશ્ચર્યમાં ગરકાવ થઈ રહ્યો.શ્રીવલ્લભાચાર્યજીના ચરણમાં ઝુકી પડ્યો અને ગાયપૂજા ઉપર કાનૂની પ્રતિબન્ધ લાદ્યો હતો તે ઉઠાવી લીધો. આ વિભાગમાં તો અનેક સ્થળોએ હિન્દુપ્રજા ધાર્મિક પ્રતિબંધો અને વધુ પડતી કનડગતોથી ખૂબ જ પીડાઈ રહી હતી પણ શ્રીવલ્લભાચાર્યજીના પ્રભાવશાલી નેતૃત્વથી પ્રજા પીડાઓથી મુક્ત થઈ શકી હતી અને પ્રજામાં ઉત્સાહ, નિર્ભયતા વગેરે વધવા માંડ્યા હતા.

વ્રજયાત્રા પૂર્ણ કરી શ્રી વલ્લભાચાર્યજી ગુજરાત અને સૌરાષ્ટ્રનાં સ્થળોની યાત્રા કરતાં ત્યાંથી આગળ સિંધ પ્રદેશ પધાર્યા. ત્યાં ઈસ્લામ ધર્મના અને બૌદ્ધધર્મના લોકો વચ્ચે વિવાદ હતો અને તેઓ શ્રીવલ્લભાચાર્યજી પાસે આવ્યા ત્યારે તેઓશ્રીએ હિંસા-અહિંસાનો ઉપયોગ પ્રવર્તમાન અવસ્થા, પ્રવર્તમાન વિશેષ ઘટનાને સાપેક્ષ-સંબંધિત છે, હિંસા-અહિંસા બાબત કોઈ સાર્વભૌમ-સર્વ વ્યાપી અને એક સમાન નિયમ નથી એમ જણાવ્યું. ચર્ચાના અન્તે તે ધાર્મિક અગ્રણીઓએ અનુભવ્યું કે એમનો ધર્મ વૈદિક ધર્મના અનુરૂપ નથી. અતઃ તેમણે ઈસ્લામ અને બૌદ્ધ ધર્મ છોડીને શ્રીવલ્લભાચાર્યજીનું શિષ્યત્વ સ્વીકાર્યું. આમાંના ઈસ્લામ ધર્મી એ ભગવાનના પ્રસિદ્ધ ભક્ત આર્યખાન હતા.

સિંધપ્રદેશથી આગળ શ્રીવલ્લભાચાર્યજી પંજાબ થઈને રેવાસર પહોંચ્યા, ત્યાંથી તેઓશ્રી કલિન્દપર્વત યમુના નદીના ઉદ્ગમ સ્થળ પર પધાર્યા, ત્યાંથી તેઓશ્રી કુરુક્ષેત્ર, હરિદ્વાર, હૃષિકેશ, ત્રિહારિ, ગંગોત્રી, લક્ષ્મણઝૂલા, રુદ્રપ્રયાગ, ગુપ્તકાશી, કેદારનાથ થતાં બદ્રીનાથ પધાર્યા. અહીં શ્રીનારદજી અને શ્રી ઉદ્ધવજી સાથે શ્રીવલ્લભાચાર્યજીનું પ્રત્યક્ષ

મિલન થયું. બદ્રીનાથથી તેઓશ્રી વ્યાસાશ્રમ પધાર્યા અને ત્યાં શ્રી વ્યાસજી સાથે ત્રણ દિવસ લગાતાર ભાગવત દશમસ્કન્ધના યુગલગીતના **'वामबाहु'** શ્લોક પર વિચાર વિમર્શ ચાલતો રહ્યો. ત્યાંથી યાત્રા કરતાં કરતાં જગન્નાથપુરી પધાર્યા. તે દિવસ એકાદશીનો હતો અને શ્રીવલ્લભાચાર્યજી નિયમિત દરેક એકાદશીનું વ્રત કરતા હતા. શ્રી જગદીશના મંદિરમાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજતા હતા અને એ એકાદશીએ જ મંદિરના મુખ્ય પૂજારીએ શ્રીવલ્લભાચાર્યજીને શ્રી જગદીશનો પ્રસાદ આપ્યો. એકાદશીએ અન્ન લેવાય નહિ અને પ્રભુના પ્રસાદનો પણ અનાદર થાય નહિ, આવી સ્થિતિમાં તેઓશ્રીએ વચલો માર્ગ કાઢી પ્રસાદને પોતાના હાથરૂપી સિંહાસન પર પધરાવી રાખી આખો દિવસ અને આખી રાત્રી પ્રસાદની સ્તુતિ કરતા રહ્યા અને બીજા દિવસે દ્વાદશીની તિથિમાં પ્રસાદ માથે ચઢાવી ગ્રહણ કર્યો. પુરીમાં શ્રીવલ્લભાચાર્યજીના અતુલિત પ્રભાવથી ત્યાંનો રાજા અને પુરીના પ્રજાજનો અતિશય પ્રભાવિત થયા હતા અને શ્રીવલ્લભાચાર્યજી પ્રત્યે અતિશય ઉચ્ચ આદર ધરાવતા હતા તેથી રાજાએ શ્રીવલ્લભાચાર્યજીનો મુકામ સર્વ રાજકીય સન્માન અને સુવિધા સાથે શ્રીજગદીશ મંદિરના ઉત્તર દ્વાર પાસે આવેલ ફલાહારિ મઠ કે જ્યાં ઉચ્ચ આદરણીય ઋષિ, મુનિ, આચાર્યના નિવાસ રાજસન્માન સાથે થતા હતા તે સ્થળે કરાવ્યો. શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીજગદીશ મંદિરમાં ગર્ભગૃહથી આગળ તિબારીના ઉત્તર દિશામાં પરિક્રમામાર્ગમાં અંદર બિરાજી સાત દિવસ શ્રીભાગવતનું પારાયણ કર્યું હતું. અહીં શ્રી જગદીશ મંદિરમાં રાજાએ પંડિતોની ધર્મસભા બોલાવી હતી અને એમાં મુખ્ય શાસ્ત્ર કયું ? મુખ્ય મંત્ર કયો ? મુખ્ય દેવ કયો ? અને મુખ્ય કર્મ કયું એ ચાર પ્રશ્નો ઉપર પંડિતોની ચર્ચાવિચારણા ચાલતી હતી તેમાં પધારવા અને આ બાબત પોતાનો અભિપ્રાય આપવા રાજાએ શ્રીવલ્લભાચાર્યજીને પ્રાર્થના કરતાં તેઓશ્રી ધર્મસભામાં પધાર્યા. ત્યાં ઘણી ચર્ચાઓના અંતે પણ વિદ્વાનો આપસમાં કોઈ નિર્ણય સાધી શકયા ન હતા અને શ્રીકૃષ્ણ જ સર્વ શ્રેષ્ઠ છે અને તેમના સંબંધી જ સર્વ બાબતો શ્રેષ્ઠ છે એવા શ્રીવલ્લભાચાર્યજીના અભિપ્રાયને અહંકારપૂર્વક ત્યાંના પંડિતોએ ન સ્વીકારતાં શ્રીવલ્લભાચાર્યજીએ પ્રસ્તાવ મૂકયો કે જો એમ હોય તો શ્રી જગન્નાથજી ભગવાન આગળ કાગળ કલમ મૂકી દરવાજો બંધ કરી તેમનાથી નિર્ણય આપવા વિનન્તી કરીએ અને શ્રીપ્રભુ જે નિર્ણય આપે તે બધાએ માથે ચઢાવવો. બધાને આ પ્રસ્તાવ ગમી ગયો અને તેમ શ્રીજગદીશ સમક્ષ કાગળ-કલમ મૂકી દ્વાર બન્ધ કરી થોડા સમય પછી દ્વાર ખોલતાં શ્રીપ્રભુનો નિર્ણય કાગળ પર શ્લોકબદ્ધ લખાઈને આવ્યો કે

**एकं शास्त्रं देवकीपुत्रगीतं, एको देवो देवकीपुत्र एव ।**
**मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि, कर्माप्येकं तस्य देवस्य सेवा ॥**

એટલે કે દેવકીના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશરૂપ ગીતા એ મુખ્ય શાસ્ત્ર છે, શ્રીકૃષ્ણ જ મુખ્ય દેવ છે. તે શ્રી કૃષ્ણનાં જુદાં જુદાં નામો જ મુખ્ય મંત્ર છે અને શ્રીકૃષ્ણદેવની સેવા એ જ મુખ્ય કર્મ છે. શ્રીજગન્નાથજીના આ મતથી પંડિતોની સભામાં શ્રીવલ્લભચાર્યજીનો વિજય થયો અને સર્વત્ર જયજયકાર થયો.

ત્યાંથી શ્રીવલ્લભાચાર્યજી મંદાર મધુસૂદન નામના સ્થળે પધાર્યા, ત્યાંથી મહેન્દ્રગિરિ પહોંચી પરશુરામજીથી આપશ્રીનું પ્રત્યક્ષ મિલન થયું, ત્યાંથી નૃસિંહક્ષેત્રની પરિક્રમા કરતાં પોતાના પૂર્વજોનું સ્થાન અગ્રહાર પધાર્યા. શ્રીવલ્લભાચાર્યજીની આ પ્રથમ યાત્રા નવ વર્ષમાં પૂર્ણ થઈ.

## દ્વિતીય યાત્રા

વિ. સં. ૧૫૫૫ માં તેઓશ્રીએ દ્વિતીયયાત્રા માટે પ્રસ્થાન કર્યું.

આ યાત્રા દરમિયાન દક્ષિણના અનેક સ્થળોનો પ્રવાસ કરતાં પંઢરપુર (હાલ-મહારાષ્ટ્ર) પધાર્યા, ત્યાં ભગવાન શ્રીવિઠ્ઠલનાથજીએ તેઓશ્રીનું સામે ચાલીને સ્વાગત કર્યું અને વિવાહ કરવા આજ્ઞા કરી તથા આપશ્રીને ત્યાં પુત્રરૂપે જન્મ લેવાની પોતાની ઈચ્છા-સંકલ્પ દર્શાવ્યો. શ્રીપ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરી ત્યાંથી નર્મદાનદીના તટ પર આવેલાં પવિત્ર સ્થળોની યાત્રા કરતાં આપશ્રી ગુજરાત તથા સૌરાષ્ટ્ર થઈને પુષ્કરારણ્ય થઈને ફરીથી વ્રજમાં પધાર્યા. અહીંથી આગળ કુરુક્ષેત્ર થતાં બદરિકાશ્રમ અને ત્યાંથી ફરીથી વ્યાસાશ્રમ પધાર્યા ત્યારે આપશ્રીની ફરીથી શ્રીવ્યાસજી સાથે મુલાકાત થઈ. ત્યારે ચાર પ્રસ્થાન વગેરે અનેક વિષયો પર ચર્ચા વિચારણા થઈને યથાર્થ સિદ્ધાન્તને દર્શાવે તેવા સિદ્ધાન્ત-ગ્રન્થોની રચના કરવા તથા વિવાહ કરી ગૃહાસ્થાશ્રમ સ્વીકારવા જણાવ્યું. શ્રીવ્યાસજીનો આદર સત્કાર કરીને દૂરદૂરનાં સ્થળોનો પ્રવાસ કરતાં કાશી પહોંચ્યા અને ત્યાંથી ગંગાસાગર અને સુંદરવન થતાં ફરીથી જગન્નાથપુરી પધાર્યા, ત્યાંથી કાશી પાછા ફર્યા. આમ બીજી યાત્રા પાંચ વર્ષ ચાલતી રહી.

## ત્રીજી યાત્રા

કાશીમાં આવ્યા બાદ શ્રીવલ્લભાચાર્યજીનો વિવાહ તેઓશ્રીની વેલ્લનાડુ બ્રાહ્મણ જ્ઞાતિના શ્રીમહાલક્ષ્મીજી સાથે શાસ્ત્રીય વિધિપૂર્વક પરિવાર, સગાસંબંધી, ઈતર જ્ઞાતિજનો, શિષ્યવર્ગ તથા કાશીના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ધૂમધામથી સમ્પન્ન થયો. ત્યારબાદ આપશ્રીએ છ માસ કાશીમાં બિરાજી પછી ત્રીજી યાત્રાનો આરંભ કર્યો.

ઝારખંડ નામના સ્થળે પ્રભુ શ્રીકૃષ્ણે શ્રીવલ્લભાચાર્યજી સમક્ષ પ્રત્યક્ષ પ્રગટ થઈને કહ્યું કે વ્રજમાં શ્રીગિરિરાજ પર્વત પર બિરાજમાન શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપની સેવાનો પ્રકાર આપ આરંભ કરાવો, તેથી આપશ્રી ત્યાંથી સીધા વ્રજ પધારી શ્રીગિરિરાજ પર શ્રી ગોવર્ધનનાથજીનું

ભવ્ય મંદિર પૂરણમલ ક્ષત્રિયને આજ્ઞા આપી તેમના દ્રવ્યથી નિર્માણ કરાવ્યું અને તેમાં શ્રીગોવર્ધનનાથજીને પાટે બિરાજાવી સેવા પ્રકારનો પ્રવાહ વહેતો મૂકયો, ત્યારબાદ આપશ્રીએ ભારતના ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ દિશામાં આવેલાં સ્થાનોની યાત્રા કરી અને ત્રીજી વખત બદરિકાશ્રમ પધાર્યા અને ત્યાં આપશ્રીની શ્રીવ્યાસજી સાથે શ્રીભાગવતનાં દશમ સ્કન્ધ પૂર્વાર્ધમાં ભ્રમરગીતવાળા પ્રસંગમાં ગોપીઓને શ્રીકૃષ્ણના સંદેશમાં **‘भवतीनां वियोगो मे न हि सर्वात्मना क्वचित्’** અહીં આગળ કંઈક ખૂટી રહ્યું છે અને તેમાં **‘आत्मत्वाद् भक्तवश्यत्वात् सत्यवाक्त्वात् स्वभावतः’** આટલું પદ અપેક્ષિત રહે છે એમ શ્રીવલ્લભાચાર્યજીએ જણાવ્યું. શ્રીવલ્લભાચાર્યજી ની આ પંક્તિ શ્રીવ્યાસજીએ સ્વીકૃત કરી. ત્યાંથી આપશ્રી શ્રીગિરિરાજજી થઈ કાશી પધાર્યા. આ પ્રમાણે ત્રીજી યાત્રા ચાર વર્ષમાં પૂર્ણ થઈ.

ત્યારબાદ એક વખત કાશીમાં જુદા જુદા મતોના દિગ્ગજ એવા પંડિતો સાથે પંચગંગા ઘાટ ઉપર શ્રીવલ્લભાચાર્યજીનો શાસ્ત્રાર્થ યોજાયો જે ૨૭ દિવસ ચાલતો રહ્યો. ૨૭મા દિવસે શાસ્ત્રાર્થના અંતે મુખ્ય વિપક્ષી ઉપેન્દ્રયતિ અને અન્ય વિદ્વાનો વાદ-વિવાદમાં પરાજિત થયા. તેમ છતાં પણ પરાજિત થઈને પણ આ વિદ્વાનોનું મન અંદર અંદરથી અતિશય ઈર્ષ્યાવાળું થઈ મનથી તેઓ પોતાનો પરાજય સહન કરી શકયા નહિ અને ફરી પાછો શ્રીવલ્લભાચાર્યજીને એમણે વિરોધપત્ર મોકલી આપ્યો. આ વિરોધપત્રના ઉત્તરમાં શ્રીવલ્લભાચાર્યજીએ વેદની શ્રુતિઓનો અર્થ કેવી રીતે ગ્રહણ કરવો જોઈએ તેનો પ્રકાર દર્શાવતો અને તે પ્રકાર મુજબ સ્વસિદ્ધાન્તનું પ્રતિપાદન કરતો તથા વિપક્ષોના મતોનું ખંડન કરતો એક લેખ તૈયાર કર્યો અને એ લેખના પત્રોને કાશીના શ્રીવિશ્વનાથમહાદેવના સુપ્રસિદ્ધ મંદિરના પ્રવેશદ્વાર ઉપર લગાવડાવી દીધો અને તેમાં જણાવ્યું કે આ લેખ વાંચ્યા પછી જ જો કંઈ પ્રશ્ન કરવો બાકી રહી જતો હોય તો

પ્રશ્ન કરવા આવવું . આ લેખ જેમ જેમ વિદ્વાનો વાંચતા ગયા અને તેને વિચારતા ગયા તેમ તેમ તેઓમાં પ્રશ્ન કરવાનું સાહસ પરવારતું ગયું અને મોટા મોટા દિગ્ગજ પંડિતો પણ શ્રીવલ્લભાચાર્યજીનું પ્રકાંડ પાંડિત્ય અને અદ્વિતીય તેજસ્વી પ્રતિભા જોઈને આશ્ચર્યચકિત થઈ રહ્યા. પણ તે પૈકી કેટલાક પંડિતોએ શ્રીવલ્લભાચાર્યજી પ્રત્યેના તેજોદ્વેષના કારણે લટકાવેલા લેખના પત્ર ફાડી નાંખવાનું દુષ્કૃત્ય કરવાનું સાહસ કર્યું જેને પકડી પાડી કાશીના રાજાએ તેમને સજા પણ કરી. આથી પણ તેમનું જ્યારે કંઈ વળ્યું નહિ ત્યારે કેટલાક બ્રાહ્મણોએ શ્રીવલ્લભાચાર્યજીને શારીરિક હાનિ પહોંચાડવા તેઓશ્રી ઉપર ભારે માંત્રિક તથા તાંત્રિક (મૂઠ ચોટ વગેરે) પ્રયોગ પણ કર્યા પણ તેનાથી પણ તેઓ શ્રીવલ્લભાચાર્યજીનો એક વાળ પણ વાંકો કરી શકયા નહિ. કાશીના વિશ્વનાથ મહાદેવ મંદિરના દ્વાર પર શ્રીવલ્લભાચાર્યજીએ જે લેખ લગાડચો હતો તે લેખને આજે વિદ્વાનો **પત્રાવલંબન** ગ્રન્થ નામે ઓળખે છે. જેને શ્રીવલ્લભાખ્યાનમાં "**પત્રાવલંબે પંડિત જીત્યા માયામતમાતંગ**" શબ્દથી શ્રીગોપાલદાસજી આજથી સડાચારસો વર્ષ પહેલાં જાણાવે છે.

શ્રીભગવાને શ્રીવલ્લભાચાર્યજીને વિવાહ કરવા આજ્ઞા કરી હતી અને પોતાની ઈચ્છા જાણાવી હતી કે હું તમારે ત્યાં જન્મ લઈશ એ પ્રભુની ઈચ્છાને આકૃતિ લેવાનો સમય પાકી ગયો હતો. કાશીમાં જ શ્રીવલ્લભાચાર્યજીને જાણવા મળ્યું કે તેઓશ્રીના પત્ની શ્રીલક્ષ્મીવહુજીને સારા દિવસો ચાલી રહ્યા છે તેથી તેઓશ્રી કાશીથી પોતાના નિજગૃહ અડેલ પધાર્યા. અડેલ ગામ તીર્થરાજ પ્રયાગ (હાલ-અલ્હાબાદ)ના સમીપ યમુના નદીના કિનારે વસેલું છે અને આ ક્ષેત્ર પુરાણોમાં અગ્નિક્ષેત્ર નામે જાણાવાયું છે. સમય જતાં ગુજરાતી વિ.સં. ૧૫૬૭ ના ગુજરાતી ભાદરવા વદ બારસના રોજ શ્રીવલ્લભને ત્યાં પરમ તેજસ્વી બાળકનો જન્મ થયો જેમનું નામ શ્રીગોપીનાથજી રાખવામાં આવ્યું. શ્રીગોપીનાથજીને પુષ્ટિસંપ્રદાયમાં બલદેવ સ્વરૂપે શ્રદ્ધા, આદરથી જોવામાં આવે છે. શ્રીગોપીનાથજીનું લાલન પાલન તથા તેમનો શાસ્ત્રાભ્યાસ શ્રીવલ્લભાચાર્યજીની સમ્પૂર્ણ દેખરેખમાં થયો અને તેઓશ્રી પણ પોતાના પિતાના સમાન પ્રકાંડ વિદ્વાન, પરમ તેજસ્વી અને અલૌકિક પ્રતિભાવાળા હતા. **'यदनुग्रहतो जन्तुः सर्वदुःखातिगो भवेत्, तमहं सर्वदा वन्दे श्रीमद्वल्लभनन्दनम्'** આ સ્તુતિ પણ શ્રીવિઠ્ઠલનાથજી-ગુસાંઈજી દ્વારા શ્રીગોપીનાથજી માટે કરાઈ છે. શ્રીગોપીનાથજીનો પણ પ્રભાવ સમગ્ર ભારતમાં અને વિશેષ કરીને પુરી તથા ગુજરાતમાં વિશેષ પ્રસર્યો હતો. આપશ્રીના એકજ લાલજી (પુત્ર) થયા જેમનું નામ શ્રીપુરુષોત્તમજી હતું. શ્રીગોપીનાથજીના યજ્ઞોપવીત સંસ્કાર તથા વિવાહ સંસ્કાર શ્રીવલ્લભાચાર્યજી દ્વારા જ સમ્પન્ન થયા હતા. સમ્પ્રદાયને સુવ્યવસ્થિત ગોઠવવામાં શ્રીવલ્લભાચાર્યજીના આશયને મનમાં રાખી નિયમબદ્ધ અને ક્રમબદ્ધ ગોઠવવામાં તેમજ પુષ્ટિમાર્ગીય ભગવત્સેવા પ્રણાલિકાને ક્રમબદ્ધ ગોઠવવામાં શ્રીગોપીનાથજીનું ઘણું મોટુ પ્રદાન રહ્યું છે. શ્રીવલ્લભાચાર્યજીએ જ્યારે ભૂતલ ત્યાગ કર્યો ત્યારે તેઓશ્રીના નાનાભાઈ શ્રીવિઠ્ઠલનાથજીની વય ૧૫ વર્ષની હોઈ શ્રીવિઠ્ઠલનાથજીનો અધૂરો વિદ્યાભ્યાસ અને વિવાહ વગેરે શ્રીગોપીનાથજી દ્વારા સમ્પન્ન થયા હતા. તેઓશ્રી દ્વારા રચાયેલા ગ્રન્થો પૈકી સાધનદીપક તથા સેવાશ્લોકાઃ એમ બે ગ્રન્થો ઉપલબ્ધ છે. એક દિવસ શ્રીજગન્નાથપુરીમાં અચાનક તેઓશ્રીએ બલદેવના સ્વરૂપમાં મુખારવિન્દમાં સમાઈ જઈ આ ભૂતલનો ત્યાગ કર્યો.

એક વખત (અંદાજે ગુજરાતી વિ.સં. ૧૫૬૭) ફરીથી આપશ્રીએ (શ્રીવલ્લભાચાર્યજીએ) વ્રજ પધારવા પ્રયાણ કર્યું. રસ્તામાં આગ્રા નજીક યમુના નદીના કિનારે ગઉઘાટ પરશ્રી સૂરદાસજી પોતાના ઘરબારને છોડી રહેતા હતા અને ભગવાનના ભજનમાં આનંદ માણતા

હતા. તેમના ભજનમાં ઘણી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડી ભજન સાંભળવાનો લાભ લેતા હતા. શ્રીવલ્લભચાર્યજી વ્રજ પધારતા ગઉઘાટ પર મુકામ કર્યો. આની જાણ થતાં અગાઉથી ઘણું બધું શ્રીવલ્લભાચાર્યજીનું માહાત્મ્ય સાંભળીને લાંબા ગાળાથી તેઓશ્રીનાં દર્શનની તાલાવેલી સૂરદાસજીના મનમાં  હતી જ અને આજે તેઓશ્રી પોતે જ પોતાના સમીપમાં પધાર્યા છે  એમ સાંભળતાં પોતાના શિષ્યો સહિત શ્રીસૂરદાસજી શ્રીવલ્લભાચાર્યજીનાં દર્શને આવ્યા અને શ્રીમહાપ્રભુને ભક્તિભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા. શ્રીવલ્લભાચાર્યજીએ સૂરદાસ પર કૃપાદષ્ટિ નાખતાં જણાવ્યું કે “**સૂર કછુ ભગવદ્ યશ ગાઓ** ” અને શ્રીમહાપ્રભુની આજ્ઞા પામતાં સૂરદાસજીએ **‘મો સમ કૌન કુટીલ ખલ કામી’** વગેરે પોતાના જીવના દોષોને પ્રકટ કરતાં પદો બનાવી પ્રસ્તુત કર્યા. આ સાંભળી શ્રીવલ્લભાચાર્યજીએ જણાવ્યું કે સૂરદાસ ! મેં તો તમને ભગવાનનો યશ ગાવા જણાવ્યું અને તમે તો તમારા દોષો ગાવા લાગી ગયા. પોતાના દોષોની મનુષ્યને જાણકારી હોવી જોઈએ પણ ચિત્તમાં તે દોષોનું વારંવાર ચિન્તન કે તેનું મુખથી વારંવાર ઉચ્ચારણ એ કંઈ લાભદાયક નથી, બલ્કે દોષોના વધુ પડતા ચિન્તન-રટણથી ચિત્તમાં દોષો સંસ્કારિત અને વધુ મજબૂત બનતા હોય છે તેથી વારંવાર ચિન્તન અને રટણ તો પ્રભુના સ્વરૂપ-ગુણ-લીલાનું જ કરવું જોઈએ. પ્રભુના અલૌકિક ગુણોના ચિન્તનથી ચિત્ત સાંસારિક મલિનતાઓ છોડી પ્રભુમય બને છે તેથી સૂરદાસ ! તમે પ્રભુના સ્વરૂપ-ગુણ-લીલાઓનું ગાન કરો. પોતાના ગુરુવર્ય શ્રીવલ્લભાચાર્યજીના આ અલૌકિક અને વેધક વાક્યોએ સૂરદાસના હૃદયને હચમચાવી નાખ્યું. તેમના મનમાં વસેલી લઘુતાગ્રન્થી-ગુરુતાગ્રન્થી વગેરે સર્વ ગ્રન્થીઓને શ્રીમહાપ્રભુજીના વેધક વાકયોએ છેદી નાંખી અને તેમણે ગુરુશરણ સ્વીકાર્યું અને અતિ નમ્રભાવે જણાવ્યું કે ગુરુદેવ ! હું તો અત્યાર સુધી આમતેમ જ વાણીનો વિલાસ કરતો રહ્યો છું, હું તો સૂર છું (અંધ છું) મારામાં એ જ્ઞાન-દષ્ટિ નથી કે શ્રીપ્રભુની અલૌકિક લીલાઓને અનુભવી શકું, આપ- ગુરુ કૃપા કરો તો શ્રીપ્રભુની લીલા મનમાં અનુભવાય. ત્યારે સૂરદાસના ભકિત સભર વચનો સાંભળી પ્રસન્ન થયેલા શ્રીમહાપ્રભુએ સૂરદાસને શ્રી યમુનામાં  સ્નાન કરાવી બ્રહ્મસંબંધમંત્રની દીક્ષા આપી અને તે જ વખતે સૂરદાસ માટે “**દશમ-સ્કંધ-અનુક્રમણિકા**” ગ્રન્થ તૈયાર કરી સૂરદાસને ભણાવ્યો અને તેનાંથી તેમની અલૌકિક દષ્ટિ ખૂલી જતાં શ્રી કૃષ્ણની સર્વ લીલાઓ સૂરદાસના હૃદયમાં સ્થિર થઈ.  અને ત્યારપછી થી તેમણે પહેલું પદ ભાગવત દશમસ્કંધના પાંચમા અધ્યાયની ગોકુળમાં શ્રીકૃષ્ણનો જન્મ અને નન્દમહોત્સવની લીલાનું પદ “**વ્રજ ભયો મહરિ કે પૂત**”ની રચના કરી ગાયું. ત્યારબાદ તો સૂરદાસજીએ ગુરુની અને શ્રીનાથજીની કૃપાથી સવા લાખ પદોનું નિર્માણ કર્યું. આ જ સૂરદાસ ભારતના સુપ્રસિદ્ધ ભકત કવિ સૂરદાસ છે અને તેઓ જ અષ્ટછાપ પૈકીના મુખ્ય -એક છે. સૂરદાસજીનો જન્મકાળ પ્રાયઃકરીને શ્રીવલ્લભાચાર્યજીના પ્રાદુર્ભાવના આસપાસનો જ છે.

શ્રીગોપીનાથજીના પ્રાદુર્ભાવ બાદ પ્રયાગમાં શ્રીવલ્લભાચાર્યજીએ જ્યોતિષ્ટોમ યજ્ઞ કર્યો અને ત્યાંથી આપશ્રી ગંગાકિનારે આવેલ કાશી અને પ્રયાગના મધ્યે આવેલ ચરણાદ્રિ (ચરણાટ) પધાર્યા અને ત્યાં સપરિવાર નિવાસ કર્યો. વિ.સં. ૧૫૭૨ના ગુજરાતી માગશર વદ નોમનો શુભદિવસ શ્રી પ્રભુનો શ્રીવિઠ્ઠલરૂપે મનુષ્યદેહમાં પ્રાદુર્ભાવ થવાનો દિવસ ઊગ્યો. તે દિવસે શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં પ્રભુશ્રીકૃષ્ણે દ્વિતીય પુત્ર તરીકે જન્મ લીધો. બાળકનું વિઠ્ઠલ નામ પાડવામાં આવ્યું. પંઢરપુરના વિઠ્ઠલનાથ પ્રભુએ ઈચ્છા જણાવી હોવાથી તેમજ પુત્ર જન્મ અવસરે એક વ્યકિત દ્વારા શ્રીવિઠ્ઠલનાથજીનું ભગવત્સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં પધરાવ્યું હોવાથી અને શૂન્યજીવોને ભક્તિમય જ્ઞાન દ્વારા ગ્રહણ કરનારા ગુણો પુત્રમાં રહ્યા હોવાથી પુત્રનું નામ વિઠ્ઠલનાથ પાડવામાં આવ્યું. શ્રીવિઠ્ઠલનાથજી સમ્પ્રદાયમાં પ્રભુચરણ

અને ગુસાંઈજી નામે પ્રસિદ્ધ થયા. શ્રીવિઠ્ઠલનાથજીનો યજ્ઞોપવીત સંસ્કાર શ્રીવલ્લભાચાર્યજી દ્વારા સંપન્ન થયો હતો. શ્રીમહાપ્રભુએ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો. શ્રીગોપીનાથજીએ તેને ઘણો બધો ગોઠવ્યો અને શ્રીવિઠ્ઠલનાથજીએ તેને વ્યાવહારિક સ્વરૂપ આપી સુવ્યવસ્થિત ગોઠવતાં સમ્પ્રદાયનો ચોમેર વિસ્તાર કર્યો. શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીવલ્લભાચાર્યજીના ઘણાં અધૂરાં કાર્યો પૂરાં કર્યાં છે જે પૈકી બાદરાયણ વ્યાસના બ્રહ્મસૂત્રો પર શ્રીવલ્લભાચાર્યજીનું અણુભાષ્ય છે તેનો ઉત્તરભાગ લુપ્ત થતાં શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્ત-મત આધાર પર ફરીથી ભાષ્યપૂર્તિ કરી છે જે વિશેષ ઉલ્લેખનીય છે. તેવી જ રીતે શ્રીવલ્લભાચાર્યજી રચિત શ્રીભાગવતટીકા સુબોધિની ઉપર શ્રીવિઠ્ઠલનાથજી રચિત ટિપ્પણી ટીકા સાહિત્ય પણ અદ્વિતીય છે. તેઓશ્રી પણ પોતાના પિતા અને પોતાના મોટાભાઈના સમાન અતુલિત પ્રતાપી, અતિશય દિવ્ય વ્યક્તિત્વવાળા પ્રતિભાશાલી અને પ્રકાંડ પંડિત હતા જે તેમના દ્વારા રચાયેલા અનેક ગ્રન્થો પરથી જાણી શકાય છે. આ ગ્રન્થો પૈકી વાદગ્રંથમાં વિદ્વન્મંડન નામનો ગ્રન્થ સર્વત્ર સુપ્રસિદ્ધ અને ઉલ્લેખનીય છે. આપશ્રી તત્ત્વજ્ઞાન ઉપરાંત જ્યોતિષ- શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર વગેરેના નિષ્ણાત અને દરેક કલાઓમાં પણ કુશલ અને કવિ હતા. તેઓશ્રીએ જ પુષ્ટિસેવાને કલાત્મકતા આપી છે. આપશ્રીનો પુષ્ટિમાર્ગ ઉપરાંત સમસ્ત સનાતન વૈદિક ધર્મની જનતામાં સમર્થ-વિદ્વાન આચાર્ય તરીકેનો અજબગજબનો પ્રભાવ હતો અને તેની સાથે સાથે તે સમયના મોગલશાસન ઉપર પણ ગજબનો પ્રભાવ હતો, જેથી બાદશાહના દરબારના અગ્રણીઓ, માનસિંગ રાજા, બિરબલ, તાનસેન વગેરે તેમજ સ્વયં અકબર બાદશાહ આપશ્રીની વારંવાર ગોકુળ આવી મુલાકાત કરતા હતા. જ્ઞાતિ-વર્ણ-વર્ગ વગેરે ભેદ ભાવ વિના તેઓશ્રીએ સમગ્ર ભારતમાં કૃષ્ણભક્તિની એવી તો લહેર પ્રસરાવી હતી કે જેમાં ઉચ્ચવર્ણના લોકો-ભારતભરના નાના-મોટા અનેક રાજા મહારાજાઓ ઉપરાંત શૂદ્રવર્ણના મોહનભંગી-મેહાઢીમર વગેરે પણ અનેક લોકો આપશ્રીના શિષ્યો બન્યા હતા. એટલું જ નહિ પણ હિન્દુઓ ઉપરાંત રસખાન પઠાણ, પીરજાદી, કુંજરી વગેરે અનેક બીજા ધર્મના લોકો પણ આપશ્રીની શિષ્ય પંક્તિમાં મુખ્ય સ્થાને હતા જેમાં અલીખાન પઠાણ તો આપશ્રીના સુબોધિનીના પ્રવચનમાં મુખ્ય શ્રોતા હતા. અલીખાનજીના આવ્યા પછી જ આપશ્રી પોતાનું પ્રવચન શરૂ કરતા હતા. આપશ્રીના સાત લાલજીઓ (પુત્રો) પણ આપશ્રી જેવા જ દિવ્ય પ્રતિભાશાલી વિદ્વાન હતા અને આજે તે સાતપુત્રોનો જ વંશ ગોસ્વામી બાળકોના નામે સમ્પ્રદાયના આચાર્યસ્થાને બિરાજમાન છે. એમ કહેવું એમાં જરાયે અતિશયોક્તિ નથી કે અત્યાર સુધીના ઈતિહાસમાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજોએ વિવિધ ભાષામાં અને વિવિધ વિષયો ઉપર વિશ્વની માનવજાતને જેટલું અધિક સાહિત્ય આપ્યું છે તેટલું કોઈ વંશ કે કોઈ કુટુંબ આપી શક્યું નથી. શ્રીવિઠ્ઠલનાથજી આ ભૂતલ પર બોતેર વર્ષ બિરાજમાન રહ્યા છે.

એક વખત શ્રીજગન્નાથપુરી તથા ગંગાસાગરની યાત્રાએ શ્રીવલ્લભાચાર્યજી હતા ત્યારે રસ્તામાં શ્રીચૈતન્ય મહાપ્રભુ સાથે મિલન થયું. બન્ને વચ્ચેની ચર્ચામાં પોતાના સમ્પ્રદાયમાં ભક્તિ બાબત જણાવતાં શ્રીચૈતન્યે કહ્યું કે એક કૃષ્ણ નામનું ઉચ્ચારણ પણ જીવના કરોડો દોષોનો નાશ કરે છે, ત્યારે શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના સમ્પ્રદાયમાં ભક્તિની ચર્ચા કરતાં જણાવ્યું કે જો ગાયના શિંગડાના આગળના ભાગ ઉપર રાઈનો દાણો મૂકવામાં આવે અને તે જેટલો સમય ટકે તેટલો સમય પણ જો ભગવાનથી બહિર્મુખ રહેવામાં આવે તો તેટલા સમયમાં સંસારી ભાવોનો આસુર મનમાં પ્રવેશી જાય છે જે સાધકના જીવનમાં મહાન હાનિકારક છે, તેથી તેટલો અલ્પ સમય પણ સાધકે ભગવાનની ભક્તિ વિના રહેવું જોઈએ નહિ.

એક વખત શ્રીવલ્લભાચાર્યજી પુરી થઈ ગંગાસાગર પધાર્યા ત્યારે શ્રીભગવાને શ્રીમહાપ્રભુને આજ્ઞા કરી કે હવે આપશ્રી ભક્તિ પ્રચારના કાર્યોથી વિરામ લઈ પોતાના નિજધામ-મારી પાસે મારા લોકમાં પધારો. ભગવાનની આ મુજબની આજ્ઞા હોવા છતાં પણ પ્રથમની ભગવદાજ્ઞા ભાગવતના ગૂઢ અર્થોને પ્રકટ કરવાની હોવાથી અને તે કાર્ય હજુ બાકી રહ્યું હોવાથી આપશ્રીએ શ્રીભાગવતની ટીકા રૂપે શ્રીસુબોધિની નું લેખન ચાલુ કર્યું. આપશ્રીએ લહિયા તરીકે તે સમયના પ્રકાંડ વિદ્વાન અને શ્રીમહાપ્રભુના અનન્ય શિષ્ય શ્રીમાધવભટ્ટ કાશ્મિરીને નિયુક્ત કર્યા. લેખન કરાવતાં આપશ્રી વ્રજમાં મથુરા પાસે મધુવન પહોંચ્યા અને તૃતીય સ્કન્ધ પર્યન્તની સુબોધિની લખાવી, ત્યાં મધુવનમાં ફરીથી ભગવાનની નિજધામ પધારવાની આજ્ઞા થતાં ભાગવતનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય શ્રીકૃષ્ણ એમની લીલાઓ-ચરિત્ર એ દશમસ્કન્ધમાં હોઈ સ્કંધ ૪ થી ૯ સુધીની ટીકા લખાવવાનું છોડી સીધું જ દશમ સ્કંધ ઉપર ટીકા લખાવવું શરૂ કર્યું. એમ કરતાં આપશ્રી અડેલ પધાર્યા અને ત્યાં સુધીમાં દશમ સ્કંધ પૂરો થઈ અગિયારમા સ્કન્ધના ચાર અધ્યાય પૂર્ણ કરી પાંચમાંના પહેલા શ્લોકનું વ્યાખ્યાન ચાલી રહ્યું હતું ત્યાં જ તીર વાગવાથી માધવભટ્ટ કાશ્મિરીનો દેહ છૂટી ગયો  તેમજ ફરી પાછી ત્રીજી વખત ભગવાને નિજધામ પધારવાની આજ્ઞા થતાં આટલા સુધીની જ ભગવદિચ્છા છે તેમ વિચારી અને નિજધામ પધારવા માટેનો ભગવાનનો આગ્રહ-ઈચ્છા વિચારી શ્રીવલ્લભાચાર્યજીએ સુબોધિની ટીકા લખાવવું બંધ કર્યું.

પોતે આચાર્ય હોઈ વર્ણાશ્રમની વ્યવસ્થાને આદર આપવા આપશ્રીએ સંન્યાસ લેવાનો વિચાર સહુ સમક્ષ વ્યકત કર્યો, સર્વપ્રથમ આપશ્રીએ માધવેન્દ્ર યતિથી સંન્યાસની જાણકારી મેળવી વૈષ્ણવ ભાગવત સંન્યાસ-ત્રિદંડસંન્યાસ લીધો અને તેઓશ્રીએ પૂર્ણાનન્દ નામ ધારણ કર્યું. છ દિવસ ઘરમાં જ રહીને કુટિચક સંન્યાસનું આચરણ કર્યું તથા ગંગાકિનારે

બહૂદક નું ૮ દિવસ આચરણ કર્યું. ત્યારબાદ ૧૮ દિવસ હંસનું આચરણ કરતાં કાશી પધાર્યા અને ત્યાં ગંગાકિનારે હનુમાન ઘાટ પર મૌન ધારણ કરી સાત દિવસ પરમહંસનું આચરણ કર્યું વિ.સં. ૧૯૮૭-ઈસવીસન ૧૫૩૧ ના અષાડ સુદ બીજને દિવસે પુષ્ય નક્ષત્રના દિવસે મધ્યાહ્નને હનુમાનઘાટ પર ખીચોખીચ વૈષ્ણવો-વિદ્વાન-અગ્રણીઓ સહિત શ્રીવલ્લભાચાર્યજીના બન્ને પુત્રો તથા શ્રીઆચાર્યજીના મુખ્ય સેવકો ઉપસ્થિત હતા. આજે શ્રીઆચાર્યચરણ ભૂતલ ત્યાગી નિજધામ પધારવાના હતા. તેવા સમયે બધા જનોને સાથે રાખી બન્ને પુત્રો શ્રીગોપીનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીઆચાર્યચરણને આપના નિજધામ પધાર્યા પછીથી અમારું આ જગતમાં-જીવનમાં શું કર્તવ્ય બાબતનો પ્રશ્ન કરતાં આપશ્રીએ મૌન વ્રત ધારણ કરેલું હોઈ જમીનમાં લખીને ૩ા શ્લોકથી ઉપદેશ આપ્યો જે સમ્પ્રદાયમાં શિક્ષાશ્લોકાઃ ગ્રન્થ નામે પ્રસિદ્ધ છે.

પોતાના બન્ને પુત્રો, મુખ્ય સેવકો, ઈતર વૈષ્ણવજનો તથા સમૂહને સંબોધીને અત્યાર સુધીમાં આપશ્રીએ આપેલા ઉપદેશો અને લખાવેલા સિદ્ધાન્ત ગ્રન્થોના નિચોડરૂપે લખેલા ૩ા શ્લોકોનો સાર આ મુજબ છે.

**તમારો દેહ, તમારું ચિત્ત વગેરે સર્વ કાળના પ્રવાહમાં રહેલા હોવાથી જો તમે ભગવાનથી કયારેય અને કયાંય કોઈ પણ પ્રકારે બહિર્મુખ થશો તો ભયાનક કાળ તમારું ભક્ષાણ કરી જશે એમ મારું મન્તવ્ય છે. પ્રભુ શ્રીકૃષ્ણ લૌકિક સર્વથા નથી અને તેઓ લૌકિકતાથી કરેલું કંઈ પણ માનતા-સ્વીકારતા નથી. તેથી સેવામાં પણ આ બધું જે કાંઈ પણ છે તે મારું કે કોઈ અન્યનું નહિ પરંતુ ભગવાનનું જ છે. અને આપણું જે કંઈ પણ ગણો તે સર્વસ્વ ભગવાન જ છે તેવો**

**અલૌકિક ભાવ હૃદયમાં રાખી કૃષ્ણસેવા કરવી** ( આ લખતા હતા ત્યાં જ પ્રભુ શ્રીકૃષ્ણ શ્રીવલ્લભાચાર્યજી સમક્ષ પ્રગટ થયા અને તેમના શ્રીવલ્લભ અને શ્રીવલ્લભકુલ ઉપરાંત અધિકારી વૈષ્ણવો પણ દર્શન કરી શકયા, તે વખતે) **આ** (સામે ઊભેલા પ્રભુની) **ગોપીઓના ઈશ-ગોપીશ શ્રીકૃષ્ણની જ પતિ, પુત્ર વગેરે સર્વભાવો વડે તથા સકલ ઈન્દ્રિયોના પરમ વિષય ભગવાન જ છે તેવા સર્વભાવ વડે-સર્વ પ્રકારે માત્ર સેવા જ કરતાં રહેવું. તે શ્રીકૃષ્ણ જ શરણે જવાથી લઈને પોતાનો આશ્રય સંપાદન કરાવવા સુધીનું સર્વ કંઈ કરશે.** (બહિર્મુખ થવાનાં ચાર કારણો (૧) અન્યાશ્રય, (૨) અસમર્પિત વસ્તુનો ભોગ કરવો, (૩) અસદ્ આલાપ કરવો. (૪) દુઃસંગ આ ચારેથી બચવું એમ ઉપદેશનો સાર છે.)

તે જ સમયે પ્રભુ શ્રીકૃષ્ણે સાક્ષાત્ પ્રગટ થઈ દોઢ શ્લોક ઉપદેશ્યો તેનો સાર આ મુજબ છે.

**જો મારામાં એટલે કે શ્રીગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણમાં દઢ વિશ્વાસ સિદ્ધ થાય તો-ત્યારે તમે કૃતાર્થ થયા છો તેમ માનવું અને ત્યાર બાદ તમારે કયારેય-કયાંય કોઈપણ પ્રકારે શોક કરવો નહિ**

ત્યારબાદ શ્રીવલ્લભ પોતે જયાં બિરાજી રહ્યા હતા ત્યાંથી ઊભા થયા અને ગંગાજી તરફ પોતાનાં ચરણાવિન્દ આગળ ધપાવવા માંડયાં. આ સમયે સહુનાં નેત્રો આંસૂઓની ધારાથી ભીંજાઈ ગયાં. બધાનું હૃદય ભરાઈ આવ્યું. શ્રીવલ્લભ શ્રીકૃષ્ણની લીલા અને સ્વરૂપમાં એકતાન થઈ રહ્યા હતા, પોતાના અવતારનાં સર્વ કાર્યોની બાકી રહેલી જવાબદારીઓ પોતાના બન્ને પુત્રોના માથે સોંપી સર્વ કાર્યો-સર્વસ્મરણ છોડી એક માત્ર લીલાધામ ગોલોક અને ગોલોકસ્થ શ્રીકૃષ્ણના મધુરાતિમધુર રૂપને દષ્ટિ સામે રાખતાં આગળ વધ્યા. શ્રીગંગામાં કંઠ સુધી જતાં અચાનક ત્યાં એકદમ પ્રકાશ થયો અને એ તેજઃ પુંજ રૂપે શ્રીવલ્લભને વિશાલ આકાશમાં વિલીન થતાં સહુએ જોયા. શ્રીકૃષ્ણનો દિવ્યપ્રકાશ આ ભૂતલ પર આવી સર્વત્ર પ્રસરાયો અને તે સમયના તથા ત્યાર પછીના યુગોના માનવોને પરમ પ્રકાશની દિશા ચીંધતો એ પ્રકાશ પ્રત્યક્ષ રૂપે વિલીન થઈને પણ સિદ્ધાન્ત-વિચાર-ભાવ સ્વરૂપે ફૂલોની મહેંકની માફક આજે પણ મહેકી રહ્યો છે. આજે પણ આ સમ્પ્રદાયના મુખ્ય ગુરુસ્થાન પર બિરાજમાન રહી શ્રીવલ્લભ આપણને સહુને માર્ગદર્શન કરાવી રહ્યા છે અને યુગો સુધી કરાવતા રહેશે. સિદ્ધાન્તનિષ્ઠા વડે સહુ વૈષ્ણવો શ્રીવલ્લભની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અનુભવી શ્રીવલ્લભે ચીંધેલા માર્ગે જીવનને આગળ વધારે તો તેના માટે કળિયુગ તો શું ઘોર કલિયુગમાં પણ તેનો વાળ વાંકો થઈ શકે તેમ નથી.

**શ્રીવલ્લભાધીશકી જય**

# ઉપદેશસાર

## મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનો વિશ્વની માનવજાતને દિવ્ય સંદેશ

જેમ પૃથ્વી પર જન્મ લેનાર પ્રત્યેક પ્રાણીમાત્રને જીવન જીવવાનો અધિકાર છે તથા જગતમાં વહેતા વાયુમંડલમાંથી શ્વાસ લેવાનો જન્મસિદ્ધ અધિકાર છે તેમજ આ અધિકાર પણ પરમકૃપાળુ પરમાત્માએ જ પ્રત્યેક પ્રાણીમાત્રને આપેલો છે. તેવી જ રીતે દરેક જીવમાત્રને પોતાનું આત્મકલ્યાણ સાધવાનો અધિકાર પણ પરમાત્માએ આપી રાખ્યો જ છે. પ્રભુભજનમાં જ જીવમાત્રનું આત્મકલ્યાણ સમાયેલું છે અને પ્રભુનું ભજન (ભક્તિ) એ જીવમાત્રનું અનિવાર્ય અને આવશ્યક કર્તવ્ય પણ છે.

વિષયવાસનાઓને વશ થયેલી એવી ઈન્દ્રિયોને આધીન બનેલું માનવનું મન સુખ-દુઃખોની ઠંડી-ગરમ લપેટોમાં લપટાતું રહે છે. આવી પરિસ્થિતિમાંથી ઉપર ઊઠવા માટે મનુષ્ય માટે એ જરૂરી છે કે તે પોતાની જાતને દરેક રીતે પરમાત્માના હવાલે કરી દે અને જીવનમાં ઘટનારી દરેક ઘટનાઓમા **‘हरिः सर्वं निजेच्छातः करिष्यति’** આ જગતમાં જે કંઈ પણ થાય છે - ઘટે છે તે સર્વ જીવોનાં દુઃખોને -પાપોને હરનારા શ્રીહરિની ઈચ્છાથી જ ઘટે છે તેમ વિચારી તે ઘટનાઓને લઈ મનમાં સુખ-દુઃખ લાવ્યા વિના પોતાના જીવનના લક્ષ્ય તરફ- પોતાના ગન્તવ્ય પર ચાલતા રહેવું એજ સાચું વૈષ્ણવજીવન છે. આ વૈષ્ણવમાર્ગ-પુષ્ટિમાર્ગમાં લક્ષ્ય

એટલે કે સાધ્ય પણ ભગવાન છે અને ગન્તવ્ય એટલે કે સાધન પણ ભગવાન છે.

પોતાનામાં યા બીજાઓમાં રહેલી સારાઈઓ (સદ્‌ગુણો) યા બૂરાઈઓ (અસદ્ ગુણો) નું ચિન્તન કરવું છોડીને તેની જગ્યાએ પ્રભુના ઉત્કૃષ્ટ -અલૌકિક ગુણોનું, ચરિત્રનું, લીલાઓનું સતત અનુસંધાન કરતા રહેવાથી મનુષ્ય વ્યવહારમાં કહેવાતા સારા-નરસા બન્નેથી મુક્ત થઈ જાય છે અને ભક્તિને યોગ્ય બની જાય છે. એટલે કે જે વૈષ્ણવ છે - જે ભક્ત છે તે જગતમાં કોઈના પણ ગુણ-દોષને વિચારતો નથી- જોતો નથી અને તે દરેકમાં ભગવાનનું જ કર્યું વિચારે છે ને જુએ છે. તેમજ જે વૈષ્ણવ છે તે ન તો સારો હોય છે કે ન તો તે ખરાબ હોય છે. તે વૈષ્ણવ તો માત્ર ભગવાનની ભક્તિ કરવાને યોગ્ય ભક્ત યા વૈષ્ણવ જ હોય છે. આ હું અને આ મારું શબ્દવાળા સંસારની પ્રબળ વિષય વાસનાઓમાં બળપૂર્વક જેની ઈન્દ્રિયો ખેંચાઈ રહી છે તેવી વ્યક્તિના અન્તઃકરણમાં જ્ઞાન અને વૈરાગ્યનો પૂર્ણ ઉદય થઈ શકતો ન હોય તેવી સ્થિતિમાં કાર્યને સાધી ન શકે તેવા કારણ વિનાના વ્યર્થ ત્યાગની અપેક્ષાએ પ્રભુમાં સર્વ વસ્તુઓનું સમર્પણ કરવું જ પરમ શ્રેયસ્કર છે. દેહ-પ્રાણ-ઈન્દ્રિય-અન્તઃકરણ અને આ હું અને આ મારું શબ્દથી સમ્બન્ધવાળા બધા જ પદાર્થોનું પ્રભુને સમર્પણ કરીને તે બધા જ પદાર્થોને પ્રભુના નિમિત્તે યોજવાથી સંસારી પદાર્થો પણ સંસારને નહિ વધારશે અને તે ભક્તિભાવને જ વધારનારા બની જશે. કાનથી સાંભળવું, આંખથી જોવું, જીભથી બોલવું, રસનાથી સ્વાદ લેવો, ચરણથી ગતિ થવી, હાથથી ક્રિયા થવી, ઉપસ્થથી રતિ, પાયુ (ગુદા) થી મલત્યાગ વગેરેની પ્રક્રિયાઓ વડે તે કાર્યોને યા અનુભવને અવરોધવામાં મનુષ્ય જીવનમાં અતિશય ક્લેશને પામે છે. અતઃ ઈન્દ્રિયોને અવરોધવાની અપેક્ષાએ જો ઈન્દ્રિયોથી થતાં કાર્યોમાં પ્રભુનું નિમિત્તપણું આવી જાય એટલે કે આંખથી પ્રભુનાં દર્શન કરવા, કાન વડે ભગવત્ કથા

સાંભળવી, વાણીથી ભગવન્નામસંકીર્તન થવું, ચિત્ત વડે ભગવત્સ્મરણ થવું અને પત્ની-પુત્ર વગેરે સમ્બન્ધીઓને  ભગવાનની સેવામાં તેમને જોડી, આ બધા ભગવાનની સેવામાં ઉપયોગી છે. તેવી બુદ્ધિથી તેમને જોડી, તેમને સમ્બન્ધી માનવા તેમજ ઘર, પૈસો, રત્ન, ઝવેરાત, સોના-ચાંદી વગેરેનાં પાત્રો- વસ્તુઓ તથા આભૂષણો, ઉત્તમ પ્રકારના ભોજ્ય (ખાવા યોગ્ય) પદાર્થો, અત્તર-પરફ્યુમ્સ વગેરે સુગન્ધી દ્રવ્યો, શિયાળામાં ઉષ્ણતા માટેનાં અને ઉનાળામાં ઠંડક માટેનાં સાધનો વગેરે સર્વમાં આ બધાથી હું સુખ ભોગવું તેવી વૃત્તિ રાખ્યા વિના યા એ બધામાં આ મારા માટે છે તેવો પોતાનો સમ્બન્ધ વિચાર્યા વિના ઉપર જણાવેલા બધા જ પદાર્થોને પ્રભુની સેવાના અર્થે જોડવાથી અને તે મુજબ જ મનમાં ભાવન કરવાથી પોતાનું સુખ કમાવાની કામના અને આ હું અને આ મારું તેવા જ્ઞાનની (અન્યથા જ્ઞાનની) નિવૃત્તિ થઈને ઘરમાં અને સંસારની મધ્યે રહીને પણ ચિત્ત સતત ભગવાનમાં પરાયણ બની રહેશે અને જીવન ભગવન્મય બની રહેશે. સારાંશમાં ઈન્દ્રિયો અને મનને વિષયભોગમાંથી પાછા વાળવું એ માત્ર યોગ વગેરેની પ્રક્રિયાઓથી જ નહિ અપિતુ સર્વ કાંઈ ભગવાનને સમર્પણ કરીને તે સર્વ પદાર્થોની ભગવત્સેવા નિમિત્તે યોજના કરવાથી પણ વિષયભોગમાંથી ઈન્દ્રિયો અને મનને પાછા વાળવાનું શક્ય થઈ શકે છે. તેમજ યોગ વગેરે પદ્ધતિઓને અપનાવવા કરતાં સમર્પણનો પ્રકાર એ વધુ સુગમ પણ છે.

ભગવાનનો અંશ એવો જીવ સ્ત્રી દેહમાં રહેલો હોય કે પછી પુરુષદેહમાં રહેલો હોય કે પછી પશુ-પક્ષી-જીવજન્તુ વગેરે કોઈ પણ દેહમાં રહેલો હોય, ચેતન-જીવ માત્ર માટે સર્વપ્રથમ અને મુખ્ય ધર્મ એ ભગવાનનું ભજન કરવું એ જ મુખ્ય ધર્મ છે. તેથી દેહસેવા, પતિસેવા-ગૃહસેવા-પુત્રસેવા-સ્વજન બાંધવોની સેવા -પરિવાર સેવા આ બધી વાતો પણ કોઈ પણ સ્ત્રી માટે ધર્મરૂપ હોવા છતાં પણ તે (મુખ્યધર્મ નહિ પણ) તે ગૌણ ધર્મ રૂપ જ છે.કારણ કે એ બધા સમ્બન્ધો દેહ સાથે સંકળાયેલા છે અને તે દરેક જન્મે બદલાઈ જતા હોય છે તેથી તેવા સમ્બન્ધોને લઈને આચરવામાં આવતો ધર્મ એ ગૌણધર્મ છે. પરન્તુ દરેક નશ્વર શરીરમાં રહેલો આત્મા એ અનશ્વર-નિત્ય છે તેથી આત્માના સમ્બન્ધે ઉત્પન્ન થનારો ધર્મ એજ મુખ્ય ધર્મ છે અને આત્માના સમ્બન્ધે અંશરૂપ જીવના અંશી એ ભગવાન જ એક માત્ર હોવાથી ભગવદંશ એવા જીવનું પણ પરમ શ્રેય તો પ્રાણીમાત્રના પતિ પરમાત્માની સેવાથી જ થઈ શકે છે. ધર્મશાસ્ત્રોમાં પતિનું મરણ થતાં સ્ત્રીઓ માટે જે સતી થવાનું વિધાન છે તેમજ પતિની હયાતીમાં ગુણી-અવગુણી ચાહે ગમે તેવો પતિ હોય, સમ્પૂર્ણ જીવન પતિની સેવા કરવી એ સ્ત્રીધર્મ છે એમ વિધાન થયું છે તે પણ સ્ત્રીઓ માટે પતિલોકની પ્રાપ્તિ થાય તે હેતુથી કહેવાયેલું છે. (પતિલોક- એટલે પતિનું મરણ થયા પછી પતિની જે સ્વર્ગાદિ લોકમાં સ્થિતિ થાય તે લોકમાં પતિ સાથે રહેવું) આ મુજબના પતિસેવાનાં વિધાનો ધર્મશાસ્ત્રમાં સ્ત્રીઓ માટે તેમના પરમશ્રેયને અનુલક્ષીને નથી થયાં. અતઃ જે સ્ત્રીઓને પોતાના મરણ પછીથી  સ્વર્ગાદિ લોક સમ્બન્ધનાં સુખો ભોગવવાની કામના છે એમના માટે તો આ વિધાનો બરાબર છે, પણ જે સ્ત્રીઓ લૌકિક સુખોને ભોગવવાની કામના નહિ રાખી પોતાનું પરમ આત્મકલ્યાણ થાય તેમ ઈચ્છે છે તેવી સ્ત્રીઓ માટે તો સર્વ જીવમાત્રના પરમ શ્રેયાસ્પદ એવા પરમાત્માની સેવા છોડીને સાધારણ એવા લૌકિક પતિ પાછળ (જેનાથી ભગવાનની ભક્તિ થઈ શકે તેવા) ભક્તિનું સાધન એવા પોતાનો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ વગેરેનો વ્યર્થમાં (સતીપ્રથા વડે) વિનાશ કરવો એ માત્ર મૂર્ખતા જ કહેવાશે. અતઃ સ્ત્રીઓ માટે પણ જરૂરી છે કે ભક્તિ કરવા માટે પરમાત્માએ વરદાનરૂપમાં આપેલો મનુષ્યદેહ અને તેવા માનવશરીરમાં જીવન જીવવાનો દુર્લભ- સુવર્ણ અવસર એને એમજ મૂર્ખતાવશ વ્યર્થમાં વેડફવો જોઈએ નહિ. કારણ કે જેમ પુરુષદેહ સત્ત્વગુણ પ્રધાન હોવાથી જ્ઞાન અને મોક્ષને માટે ઉપકારક છે

તેમ કેટલાંયે વિશિષ્ટ કારણોથી સ્ત્રીદેહ ભક્તિને માટે પુરુષદેહની અપેક્ષા વધુ ઉપયોગી-સુગમ થઈ રહે છે. કારણ કે સમર્પણ, વત્સલતા, રતિ, નમ્રતા દૈન્ય, આધીન થવાની ભાવના વગરે ઘણી બાબતો પુરુષોની અપેક્ષા-પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં વધુ સુલભ બને છે. તેમજ આ બધી બાબતો ભક્તિ માટે અતિ આવશ્યક પણ છે. પુરુષોએ પણ ભક્તિમાં પ્રવેશ માટે અગર પ્રવેશ કર્યા પછીથી પણ આજ ગુણોને ધારણ કરવા આવશ્યક હોય છે જે પુરુષોને પ્રયત્ને ઉપલબ્ધ થાય છે અને જે સ્ત્રીઓને સહજતાથી સુલભ હોય છે.

જીવનની કોઈ પણ પ્રકારની પરિસ્થિતિમાં યા પ્રસંગમાં એક માત્ર પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું જ અવલંબન (આધાર) વિચારવું જોઈએ. પ્રભુની અનન્યભાવે શરણાગતિ રાખી ચિત્તમાં સતત પ્રભુનું સ્મરણ કરનાર મનુષ્ય કયારેય, કયાંય, કોઈ પણ પ્રકારે કોઈનાથી પણ અવરોધાયા વિના પોતાનાં લક્ષ્ય તરફ નિર્બાધ (કોઈ પણ પ્રકારની બાધા વિના) આગળને આગળ વધતો જ રહે છે. સેવા, સ્નેહ અને સમર્પણ પણ જો શરણભાવ વિનાના હોય છે તો તેમાં અપરાધ થવાની સમ્ભાવના રહે છે. પરંતુ શરણભાવે રહેલા ભકતના વિષયમાં પ્રભુ જીવના દોષ કે અપરાધને વિચારતા નથી અને માત્ર એની શરણાગતિની ભાવનાના આધાર પર જ શરણાગત ભક્ત દ્વારા કરાયેલ સેવા, સ્નેહ, સમર્પણનો સ્વીકાર કરે છે. પ્રભુ શ્રીકૃષ્ણ પૂર્ણ છે, સર્વ કંઈ કરવા સમર્થ છે, શરણાગત વત્સલ છે, કૃપાથી યુક્ત છે, સર્વના નિયન્તા છે, છતાં પણ તેઓ ભકતના વશમાં રહેનારા, ભક્તનાં સર્વ પાપોનું હરણ કરનારા, ભક્તનાં સર્વ દુઃખો દૂર કરનારા, પરમ સુન્દર, આનંદઘન છે. અતઃ એવા શ્રીપ્રભુનું શરણ સ્વીકારવાથી આ લોક સંબંધી, પરલોક સંબંધી કે પછી અલૌકિક, શક્ય-અશક્ય સર્વ કાંઈ સિદ્ધ થાય છે. તેમજ આ શરણાગતિ માટે ચિત્તમાં પ્રભુના શરણનું ભાવન કરવાથી અધિક અન્ય -બીજું કોઈ સાધન કરવાની

આવશ્યકતા રહેતી નથી. તેથી આ શરણભાવના સર્વને માટે, સર્વત્ર, સર્વ સમયે સુલભ છે અતઃસર્વથી સુલભ અને સર્વથી શ્રેષ્ઠ એવા આ શરણાગતિના માર્ગમાં જીવનને આગળ ધપાવવું એજ સર્વથી શ્રેષ્ઠ શ્રેયસ્કર માર્ગ યા ઉપાય છે.

v v i v v

# મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રન્થો

## (સૂક્ષ્મ પરિચય)

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણે પોતાના જીવન સમય દરમિયાન ઘણાં મહત્ત્વપૂર્ણ ગ્રન્થોની રચના કરી હતી. તે બધા જ ગ્રન્થો પોતપોતાના વિષયમાં પોતાનું એક મહત્ત્વપૂર્ણ આગવું સ્થાન ધરાવે છે. આમાંથી કેટલાક ગ્રન્થો તાત્ત્વિક ચિન્તનવાળા છે તો કેટલાક ગ્રન્થો ભક્તિમાર્ગીય દષ્ટિકોણને સ્પષ્ટ કરનારા છે. 'વલ્લભ દિગ્વિજય' ગ્રન્થમાં બતાવ્યા અનુસાર શ્રીવલ્લભાચાર્યજી દ્વારા વિરચિત કુલ ૮૪ ગ્રન્થો છે. આ ગ્રન્થોમાંથી હાલ ૪૧ ગ્રન્થો ઉપલબ્ધ છે. ઉપલબ્ધ દરેક ગ્રન્થો સંસ્કૃતમાં રચાયેલા છે. એક સામ્પ્રદાયિક સામયિકમાં છપાયેલ લેખના અનુસાર બીજા ત્રણ ગ્રન્થો ઈતરભાષામાં પણ લખાયેલા હતા એમ બતાવવામાં આવ્યું છે. ઉપરાંત આ જ લેખમાં કેટલાક અજાણ્યા ગ્રન્થોનાં નામ પણ શ્રીવલ્લભાચાર્યજી વિરચિત બતાવવામાં આવ્યા છે. શ્રીમહાપ્રભુવિરચિત ગ્રન્થોમાંથી કેટલાક નષ્ટ થઈ જવાને કારણે અને કેટલાક અન્ય કારણોથી આજે ઉપલબ્ધ નથી. જ્યારે કેટલાક ગ્રન્થો એવા છે જેનો અંશ માત્ર વર્તમાનમાં ઉપલબ્ધ થાય છે અથવા તો કેટલાકના થોડાક અંશો અનુપલબ્ધ હોય. દરેક ગ્રન્થોનો રચનાકાળ નિશ્ચિત કરી શકાય તેમ નથી તેમ છતાં પણ સિદ્ધાન્ત નિરૂપણના ઉદ્દેશ્યથી, બ્રહ્મવાદના પ્રતિપાદનમાં તથા આવશ્યકતાના આધાર પર રચવામાં આવેલા છે એમ કહી શકાય છે.

શ્રીવલ્લભાચાર્યચરણના ગ્રન્થોની સૂચી (પ્રચલિત માન્યતાનુસાર) નીચે આપવામાં આવે છે જે ત્રણ ભાગમાં વિભક્ત કરીને આપવામાં આવે છે જેનાથી વાંચનારાઓને સુગમ થઈ પડે :

(૧) પ્રકાશિત ગ્રન્થો
(૨) અપ્રકાશિત -ઉપલબ્ધ ગ્રન્થો
(૩) અપ્રકાશિત -અનુપલબ્ધ ગ્રન્થો.

## પ્રકાશિત ગ્રન્થો

(૧) સપ્રકાશસ્તત્ત્વાર્થદીપ નિબન્ધ)
    ૧. શાસ્ત્રાર્થ પ્રકરણમ્
    ૨. સર્વનિર્ણય પ્રકરણમ્
    ૩. શ્રીભાગવતાર્થ પ્રકરણમ્
(૨) શ્રીયમુનાષ્ટકમ્
(૩) બાલબોધ
(૪) સિદ્ધાન્ત મુક્તાવલી
(૫) પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ
(૬) સિદ્ધાન્તરહસ્યમ્
(૭) નવરત્ન
(૮) અન્તઃકરણપ્રબોધ
(૯) વિવેકધૈર્યાશ્રય
(૧૦) કૃષ્ણાશ્રય સ્તોત્રમ્
(૧૧) ચતુઃશ્લોકી
(૧૨) ભક્તિવર્ધિની
(૧૩) જલભેદ
(૧૪) પંચપદ્યાનિ

(૧૫) સંન્યાસ નિર્ણય
(૧૬) નિરોધલક્ષણમ્
(૧૭) સેવાફલં સવિવરણમ્
(૧૮) શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્
(૧૯) ત્રિવિધનામાવલી
(૨૦) પ્રેમામૃતમ્
(૨૧) શ્રીપરિવૃઢાષ્ટકમ્
(૨૨) મધુરાષ્ટકમ્
(૨૩) શિક્ષાશ્લોકાઃ
(૨૪) શ્રીમદ્ ભાગવતદશમ સ્કન્ધાનુક્રમણિકા
(૨૫) શ્રીભાગવતૈકાદશસ્કન્ધાર્થ નિરૂપણ કારિકા
(૨૬) શ્રીનન્દકુમારાષ્ટકમ્
(૨૭) શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્
(૨૮) શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્
(૨૯) શ્રીકૃષ્ણાષ્ટકમ્
(૩૦) પંચશ્લોકી
(૩૧) ભગવત્પીઠિકા
(૩૨) પુષ્ટિમુક્તિવિવૃતિઃ
(૩૩) પૂર્વમીમાંસાકારિકા
(૩૪) પત્રાવલમ્બનમ્
(૩૫) ન્યાસાદેશઃ
(૩૬) સુદર્શન કવચમ્
(૩૭) શ્રીમદ્ગાયત્રીભાષ્યમ્
(૩૮) સુબોધિની પ્રથમ સ્કન્ધકારિકાઃ
(૩૯) શ્રુતિગીતા
(૪૦) શ્રીમદ્ બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્

(૪૧) શ્રીસુબોધિની

ઉપર્યુક્ત ૪૧ ગ્રન્થો પૈકી નીચે દર્શાવેલા ગ્રન્થો યદ્યપિ પ્રકાશિત ગ્રન્થોની સૂચિમાં ગણાવવામાં આવ્યા છે છતાં પણ આ ગ્રન્થોના વિષયમાં સમ્પ્રદાયના વિદ્વાનોમાં મતભેદ છે કે આ રચનાઓ શ્રીઆચાર્યચરણની છે ? કે પછી બીજાની કૃતિઓ શ્રીઆચાર્યચરણના નામ પર કેટલાંક કારણોથી ચઢી ગઈ છે. વસ્તુતઃ આ વાત સંશોધનથી જ નિશ્ચિત થઈ શકે તેમ છે.

| **ગ્રન્થનું નામ** | **કેટલાક વિદ્વાનોની માન્યતા પ્રમાણે** |
|---|---|
| ૧. પ્રેમામૃતમ્ | - શ્રીકૃષ્ણચૈતન્યની કૃતિ છે. |
| ૨. શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્ | - શ્રીહરિરાયજીની કૃતિ છે. |
| ૩. ન્યાસાદેશ | -આ રામાનુજ સમ્પ્રદાયના વેદાન્તદેશિકાચાર્યની કૃતિ હોય એમ માનવામાં આવે છે. |
| ૪. શ્રીમદ્ ગાયત્રી ભાષ્યમ્ | - શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજીની કૃતિ છે. |
| ૫. સુદર્શન ક્વચમ્ | - કોઈ પંડિતવિશેષની કૃતિ છે. |
| ૬. શ્રીકૃષ્ણાષ્ટકમ્ | - શ્રીમહાપ્રભુજીની કૃતિ નથી પણ તે કોની છે તે કહી શકાતું નથી. |
| ૭. ભગવત્પીઠિકા | - ઉપર મુજબ |

આ ઉપરાન્ત સૂચિમાં નં.૩૮ તથા ૩૯માં દર્શાવેલ શ્રુતિગીતા તથા સુબોધિની પ્રથમ સ્કન્ધ કારકિા : આ બે ગ્રન્થોની અલગ ગ્રન્થ રૂપ ગણના કરવામાં આવી છે કિન્તુ આનો અન્તર્ભાવ શ્રીસુબોધિની ટીકામાં

જ થઈ જ જાય છે. શ્રુતિગીતા કારિકા દશમ સ્કન્ધ વેદસ્તુતિ (૧૦-૮૪) ની સુબોધિનીના અન્તર્ગત આવી જાય છે.

## અપ્રકાશિત - ઉપલબ્ધ ગ્રન્થો

(૧) **પ્રાતઃ યુગલકિશોર સ્તોત્રમ્**

મહારાજા સયાજીરાવ યુનિ. વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં હસ્તપ્રત ક્રમાંક નં. ૧૪૧૦૩ થી પ્રાપ્ત છે.

(૨) **શ્રીકૃષ્ણનામશરણ સ્તોત્રમ્**

વિદ્યાવિભાગ (કાંકરોલી) ના પુસ્તકાલયમાં સર.ભ. ૭૯-૧૫ નંબરથી ('શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કૃત વાંગ્મય' માં જણાવ્યા અનુસાર) (દ્વિતીયખંડમાં)

(૩) **કિશોર કિશોરી સ્તોત્રમ્**

વિદ્યાવિભાગ (કાંકરોલી ના પુસ્તકાલયમાં સર.ભ. ૮૮,૧૦,૧૧,૫૧ નંબરથી ('શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કૃત વાંગ્મય' માં જણાવ્યા અનુસાર) (દ્વિતીયખંડમાં)

(૪) **મથુરેશનામાવલી**

ઉપર મુજબ સર.ભ. ૭૯,૨૬,૬ નંબરથી (દ્વિતીય ખંડમાં)

(૫) **વૃત્રાસુર ચતુઃશ્લોકી સૂક્ષ્મટીકા**

ઉપર મુજબ સર.ભ.શુ.બ. ૩૪,૪૦ નંબરથી (પ્રથમ ખંડમાં)

(૬) **પૂર્વમીમાંસા (જૈમિનીસૂત્ર) ભાષ્ય**

દ્વિતીય અધ્યાયનો પ્રથમ પાદ - ભાવાર્થ પાદ ભાષ્ય માત્ર ઉપલબ્ધ છે.

ઉપર મુજબ સર.ભ.શુ.બ.૫૩,૧૭ (પ્રથમ ખંડમાં)

ઉપર જણાવેલ છ ગ્રન્થો પણ સંશોધન માંગે છે કે તે શ્રીઆચાર્યચરણ વિરચિત છે કે નહીં.

## અપ્રકાશિત - અનુપલબ્ધ ગ્રન્થો

(૧) **વેદવલ્લભ**

આ વેદભાષ્ય હાલ ભારતમાં ઉપલબ્ધ નથી. બર્લિન પુસ્તકાલયમાં તેનું હોવું માનવામાં આવે છે. ('શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કૃત વાંગ્મય' માં પ્રથમખંડ, પૃષ્ઠ ૨૯ પર જણાવ્યા અનુસાર)

(૨) **શ્રીરામાયણ-લોકેશ્વરી ટીકા**

ગુજરાતમાં વડોદરા પાસે સાવલી ગામથી પ્રાપ્ત સામગ્રી અને લેખના આધારે જાણવા મળ્યું કે શ્રીવલ્લભાચાર્યજીએ વિ.સં. ૧૫૬૫ માં વિજ્યાદશમીને દિવસે આ ટીકાનું કાર્ય પૂર્ણ કર્યું

('શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કૃત વાંગ્મય' પ્રથમ ખંડના પૃ.૨૪૦ માં જણાવ્યા અનુસાર)

(૩) **શ્રીભાગવત સૂક્ષ્મટીકા**

આના થોડાક જ અંશો હાલ ઉપલબ્ધ છે, માત્ર પ્રથમસ્કન્ધ પ્રથમ અધ્યાયનો પહેલો અને બીજો શ્લોક, તથા દશમ સ્કન્ધના શરૂઆતના ૨૦ પત્રો તથા દશમ સ્કન્ધ ઉત્તરાર્ધમાં વેદસ્તુતિ, આટલાના અંશો પ્રાપ્ત છે. ('શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કૃત વાંગ્મય' પ્રથમખંડના પૃ.૧૭૩ પર જણાવ્યા અનુસાર)

v v i v v